2BGN2

# નાઝરેથનાં ઈસુ



લેખક : પ્રતાપ જે. કોન્ટ્રાક્ટર

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

2BGN2

# નાઝરેથનાં ઈસુ

લેખક : પ્રતાપ જે. કોન્ટ્રાક્ટર

: પ્રકાશક :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
ગુજરાત કોલેજ પાસે, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬
ટેલિફોન : ૬૪૪૫૨૮૧

# અર્પણ



## "નાઝરેથનાં ઈસુ"

આ પુસ્તક મને અને મારા પુત્રો રાજેશ તથા નિલેશને "ઈસુ" ને વધારે ઓળખાવનાર તથા અમને પ્રભુમાં લાવનાર મારા પ્રેમાણ ઘર્મપત્ની તથા મારા દીકરાઓની વ્હાલી માતા **સ્વ. વિનીબેન નિત્યાનંદ ઠાકોર**ની યાદગીરીમાં અર્પણ કરીએ છીએ.

**જન્મ : તા. ૨૭-૨-૧૯૩૬        મરણ તા. ૧૦-૩-૧૯૯૭**

| | |
|---|---|
| પતિ | : **નિત્યાનંદ ઈ. ઠાકોર** |
| પુત્રો | : **રાજેશ તથા નિલેશ** |
| પુત્રવધુઓ | : **હાન્નાહ તથા રોમા** |

# નાઝરેથનાં ઈસુ

આવૃત્તિ ૧ લી

જુન ૨૦૦૨

કિંમત રૂ. ૧૫-૦૦

મુદ્રક :

સુરમીલ એસ. ક્રિશ્ચિયન

૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ. મ્યુ. માર્કેટ પાસે,

ખોખરા, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮.

ફોન : ૨૭૭૩૫૨૫

## ઈસુએ પુછ્યું.... "હું કોણ છું ?"

તેણે સભાસ્થાનમાં બોધ કર્યો; ઘણાં એ સાંભળીને દંગ થઈને કહ્યું કે, 'આ સઘળુ તેની પાસે ક્યાંથી ?

અને તેને જે બુદ્ધિ અપાઈ, તે કેવી છે ? અને તેના હાથથી આવાં પરાક્રમી કામો ક્યાંથી થાય છે ?

શું એ સુથાર નથી ? શું એ મરિયમનો દીકરો, યાકુબ તથા યોસે તથા યહુદા તથા સીમોનનો ભાઈ નથી ?

શું એની બહેનો અહીં આપણી પાસે નથી ?

અને તેઓએ તેના સંબંધી ઠોકર ખાધી.... માર્ક ૬:૨ – ૩

ત્યારે ઈસુએ શિષ્યોને પુછ્યું....

"તમે શું કહો છો ?"

- પીતરે ઉત્તર દીધો કે, 'તું મસિહ જીવતા દેવનો દીકરો છે.' માત્થી ૧૬:૧૬
- થોમા શિષ્ય : મારા પ્રભુ અને મારા દેવ.' યોહાન ૨૦:૨૮
- મરિયમ મગ્દાલીન : 'શબ્બોની = ગુરુજી' યોહાન ૨૦:૧૬
- રૂમી સુબેદાર : 'ખરેખર, એ દેવનો દીકરો હતો.' માત્થી ૨૭:૫૪

આજનો સવાલ – વ્યક્તિગત ખ્રિસ્તીને; પણ હું કોણ છું ? તે વિષે તમે શું કહો છો ?

## અર્પણ...

જેનું છે તેને એટલે નાઝરેથના ઈસુના ચરણે....
જેને મેં ઓળખ્યા; તેમને અહી ઓળખાવ્યા છે. આવો અને જુઓ, તમે ય તેમને ઓળખો. 'ઈસુ પ્રભુ છે'

– પ્ર.જે. કોન્ટ્રાક્ટર

# મુખ પૃષ્ઠ

ચાર સુવાર્તામાં આલેખાએલા ઈસુ ખ્રિસ્તના જીવનવૃતાંતમાં વિશેષ મોટો ભાગ તેમની સુવાર્તિક સેવાની કારકિર્દી વિષે નોંધાયો છે. કેમ કે ઈસુ ખ્રિસ્તને માનવરૂપમાં આ પૃથ્વી પર આવવાનો હેતુ અને તેમણે બજાવવાની ફરજોનો સમાવેશ આ સુર્વાતિક સેવા કાર્યક્રમમાં જ થયેલો છે.

ઈસુ ખ્રિસ્તની આ સેવા કાર્યવાહીનો થોડો જ સમય વિત્યો, ત્યારે કાઈસારીયા ફિલીપીની સિમમાં એક એકાંત જગામાં પોતાના શિષ્યોને લઈ જઈ તેમની આગળ ઈસુએ પોતાનું મન ખોલ્યું. આ સુર્વાતિક કાર્યવાહી દરમ્યાન લોકોમાં ઈસુ વિષે કઈ અને કેવી છાપ ઉપસે છે, તે જાણવાનું તેને ઘણું મન હતું. કેમ કે તેમની સેવાનો હેતુ ચોક્સ પ્રકારની છાપમાં જ વિંટળાએલો હતો.

હું કોણ છું ? એં વિષે લોકો શું કહે છે ? અને પછી તરત ઈસુએ એ જ સવાલ શિષ્યોને પૂછ્યો કે, તમે શું ધારો છો અગર માનો છો ? માત્થી ૧૬:૧૩-૨૦; માર્ક ૮:૨૭-૩૦; લુક ૯:૧૮-૨૧

પીતરે જવાબ આપ્યો, પણ એ તેનો પોતાનો નહોતો તેમજ એ તેના અનુભવનો નહોતો, પણ એ તો આત્માની પ્રેરણા અને દેવથી અપાએલો જવાબ હતો. "તું મસિહ જીવતા દેવનો દીકરો છે."

ઈસુ ખ્રિસ્ત ઠરાવાએલ અને મોકલાએલ જીવતા દેવનો દીકરો હતો. આ વિધાનના અનુસંધાન અને સમર્થનમાં જ પછીના અધ્યાયોમાં વારાફરતી વિગતો બનતી અને ભાર દર્શાવતી જોવા મળે છે.

૧. ઈસુ ખ્રિસ્તે પોતે પોતાના મરણ અને ઉત્થાનની વાત પ્રગટ કરી. માત્થી ૧૬:૨૧-૨૮; માર્ક ૮:૩૧-૩૮; લુક ૯:૨૨-૨૭

૨. ઈસુ ખ્રિસ્તનું પહાડ પરનું રૂપાંતર - માત્થી ૧૭:૧-૧૩ માર્ક ૯:૨-૧૩; લુક ૯:૨૮-૩૬

૩. આકાશના રાજ્યમાં મોટું કોણ ગણાય તેનું શિક્ષણ માત્થી ૧૮:૧-૩૫; માર્ક ૯:૩૩-૫૦, લુક ૯:૪૬-૫૦

આ ત્રણે હકીકતો ઈસુ ખ્રિસ્તને ઓળખવા માટે બહુ આધાર-ભૂત હતી. શિષ્યો આગળ આ વિગતો પ્રગટ કરવામાં ઈસુનો હેતુ એ જ હતો કે તેના શિષ્યો, અનુયાયીઓ ઈસુને વધારે ગાઢ રીતે અને ચોક્સાઈથી ઓળખે.

આજે પણ વાતાવરણમાં ઈસુનો આ સવાલ 'હું કોણ છુ.... તમે શું કહો છો?'' એ ગુંજતો રહે છે. બીજા લોકો ગમે તે કહે; પણ તમે મારા શિષ્યો, અનુયાયીઓ ખ્રિસ્તી લોકો, તમે શું ધારો છો... શું કહો છો ?

આજના ખ્રિસ્તી.સમાજમાં ઈસુ ખ્રિસ્ત વિષે જે ઘેરો અને ઉંડો અનુભવ હોવો જોઈએ તે નથી. ઈસુ વિષેનું જ્ઞાન પણ બહુ છીછરૂં દેખાય છે.

ઈસુ ખ્રિસ્તનું આખું જીવન, ઉપદેશ, શિક્ષણ, ચમત્કારો, તેમનું મરણ અને ઉત્થાન, ઈસુ ખ્રિસ્ત પ્રભુ અને તારનાર છે, એ જ દર્શાવે છે. તેમની ઈચ્છા અને હેતુ પણ એ જ હતાં.

માનવજીવનમાં માત્ર આત્મા એકલો જ અજર અને અમર છે. એ આત્માને મહિમા અને ગૌરવ અપાવવા તમારો ઈસુ વિષેનો નિર્ણય અને વિશ્વાસ કેવો અને કેટલો છે, તે જ કામયાબ નિવડશે. તમને જો એ અનુભવ ના થયો હોય તો આ પુસ્તિકા તમને તે તરફ લઈ જવા પ્રેરક બનશે.... આમેન...

ઓક્ટો. ૧૯૮૭

ન્યુયોર્ક

પ્ર.જે.કોન્ટ્રાક્ટર

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | સિમાડાનું એકાંત | ..... | ૧ |
| ૨. | જન્મ પહેલાં-ઈસુ | ..... | ૪ |
| ૩. | જન્મ પછી-ઈસુ | ..... | ૮ |
| ૪. | ઉત્થાન પછી ઈસુ | ..... | ૧૩ |
| ૫. | દેવ માણસ કેમ બન્યા ? | ..... | ૧૮ |
| ૬. | ઈસુની ઓળખ | .... | ૨૪ |
| ૭. | ઈસુના સેવા કાર્યો | .... | ૩૧ |
| ૮. | ઈસુનું દેવત્વ | .. .. | ૪૧ |

## સેક્રેટરીની કલમે.......

પ્રતાપભાઈ કોન્ટ્રાકટર એક સારા ઉપદેશ અને શિક્ષક હતા. ઈશ્વરે તેમને સારી રીતે લોકોને સમજાવવાની સમજ અને જ્ઞાન આપ્યા હતા. તેમના બીજાપણ પુસ્તકો છે. તેથી પ્રભુઈસુના જીવનની આસપાસની વાતો આધારીત આ પુસ્તક નાનામાં નાના માણસને તથા તમામવર્ગના લોકોને માટે એક માર્ગદર્શિકા બની રહેશે.

પ્રભુ ઈસુનું જીવન એ વિષય પોતે જ ખૂબ ગહન છે. જેના પર વિશ્વમાં મોટા મોટા લેખકોએ અનેક સંશોધનો કરી ઘણા દળદાર પુસ્તકો લખ્યા છે. છતાં હજુ પણ લખાય છે. તેથી ક્હેવાનું તાત્પર્ય એટલું જકે આ વિષય પ્રભુઈસુના બીજા આગમન સુધી ચર્ચાતા રહેશે અને પુસ્તકો લખાતા રહેશે.

પ્રભુ ઈસુના જન્મ અગાઉની વાતો અને જન્મ પછીની વાતોને મુદ્દાસર લઈને લેખકે પ્રભુકૃપાએ વિવરણ કરવાનો પ્રયાસ કર્યો છે.

ચારે ય સુવાર્તા જે પ્રભુ ઈસુ વિશેની વાત જણાવે છે. ઉપરાંત બાઈબલના અન્ય ભાગોમાં પણ જે આધાર પ્રભુ ઈસુ વિશે મળે છે તેને એક તાંતણો બાંધવાનો અને એક સુત્રતા ઉભી કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. ત્યારે આ પ્રસંગે પ્રતાપભાઈ જે. કોન્ટ્રાક્ટર આપણા સહુના અભિનંદનને પાત્ર બને છે. જો કે તેઓ આપણી મધ્યે નથી પરંતુ સાહિત્ય દ્વારા કરેલી તેમની સેવા આજે પણ બોલે છે. આ નાનું છતાં ખૂબ મહત્વનું પુસ્તક ખ્રિસ્તી જનતાના હાથમાં મૂક્તા આનંદ અનુભવુ છું. પ્રભુ તેના વાચકોને આ પુસ્તક દ્વારા તેનો આશીર્વાદ આપે. વધુ સમજણ માટે બાઈબલ અવશ્ય વાંચશો કે જેથી ઈસુનાં જીવનને વધુ સમજવા મદદ મળી રહે.

આ પુસ્તકના પ્રકારન માટે સ્વ. વિનીબહેન નિત્યાનંદભાઈ ઠાકોરની યાદમાં શ્રી નિત્યાનંદભાઈ ઈ. ઠાકોર તથા કુટુંબ તરફથી રૂા. ૧૦,૦૦૦/- (દસ હજારપુરા) મળ્યા છે. સમગ્ર પરીવારનો આભાર.

પ્રભુમાં આપનો,

જુલાઈ / ૨૦૦૨

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**

# ૧. સિમાડાનું એકાંત

કાઈસારીયા ફિલીપીનું નગર યહુદાહ પ્રાંતમાં હેર્મોન પર્વતની તળેટીમાં આવેલું છે. સિયોન પર્વતની હારમાળામાં જ હેર્મોન પર્વત પણ આવે છે. તેથી ઘણીવાર સિયોન અને હેર્મોન પર્વતોને એક ગણવામાં આવે છે. પુર્ન. ૪:૪૮ તેમને દેવના પર્વત પણ કહેવાતા.

હેર્મોન પર્વતનાં ઉંચાણનાં શિખરો વર્ષના મોટા ભાગે હિમ અને ઝાકળ આચ્છાદિત રહે છે; તેથી તે ચમકતાં અને રળીયામણાં લાગે છે. ગીત ૧૩૩:૩ આ હિમ અને ઝાકળને લીધે હેર્મોનની ખીણોમાંથી ઘણાં નાના મોટાં ઝરાં વહે છે. ઝરણાંના ધસમસતાં અને ચળકતાં પાણી આસપાસના પ્રદેશોને ફળદ્રૂપ બનાવે છે. વળી યરદન નદીને તેઓ જ ઉભરાતી અને છલકાતી રાખે છે.

હેર્મોન પર્વતની તળેટીનો પ્રદેશ બહુ ફળદ્રુપ છે. ચોતરફની લીલી વનરાજી પ્રદેશને બહુ રળીયામણો બનાવે છે. ઘણી જાતનાં બહુ સ્વાદિષ્ટ ફળથી આખો પ્રદેશ બહુ સમૃધ્ધ છે. વળી જાતભાતનાં ફૂલોનાં રૂપ અને રંગ આખી જગાને ખુબ દિપાવે છે. તેમની મીઠી ફોરમ મન મલકાવે છે. જાણે કે કુદરતની બધી મહેર અને સૌંદર્ય ત્યાં જ ઠલવાયાં હોય તેવો ભાસ થાય છે. વળી ખરેખર આખા પેલેસ્ટાઈનમાં આવી સુંદર અને મનમોહક બીજી કોઈ જગ્યા નથી.

જુના કરારના જમાનામાં આ જગાએ બઆલ દેવનું વિશાળ અને ભવ્ય મંદિર હતું. તે પછી આવા કુદરતી સૌંદર્યને લીધે ગ્રીક લોકોએ ત્યાં તેમના દેવ પાન(Pan) નું મંદિર બંધાવ્યું. 'પાન' એ ગ્રીક લોકોનો દેવ છે, જેને કુદરતનો દેવ તેઓ માને છે. (God of nature)

તે પછી આ નગરમાં, હેરોદ જે યહુદાનો રાજા હતો; જે હેરોદ મહાન ગણાતો તેણે ૨૦BC માં ત્યાં સફેદ આરસનું બહુ સરસ મંદિર બંધાવ્યું અને તે રૂમી બાદશાહ કાઈસારને અર્પણ કર્યું. વળી ત્યારથી

આ નગરનું નામ કાઈસારીયા રાખવામાં આવ્યું. હવે હેરોદના મરણ પછી તેના દીકરા ફિલીપ હેરોદના હાથમાં વહીવટ આવ્યો ત્યારે તેણે આ નગર કાઈસારીયા સાથે પોતાનું નામ જોડયું; એટલે ત્યારથી કાઈસારીયા ફિલીપી કહેવાયું.

આ નગરને ફરતો બહુ મજબુત કિલ્લો છે. કિલ્લાની દિવાલની પહોળાઈ દશ ફુટ અને ઉંચાઈ સો ફુટ જેટલી છે. નગરમાં મોટા ભાગનાં મકાનો પત્થરનાં હતાં; જે હાલ ખંડેર હાલતમાં છે. ચોતરફ તુટેલાં મકાનોના વેરાએલા પત્થરા સિવાય બીજું કાંઈ નજરે પડતું નથી. હાલ ત્યાં વસ્તી બહુ ઓછી છે.

કાઈસારીયા ભૂમધ્ય મહાસાગરના કાંઠે સરસ એવું બંદર છે. સમુદ્ર કાંઠાની પવનની લહેરખીઓ અને હેર્મોન પર્વતની ખીણોની લીલીછમ ઘટાઓમાંથી ફુંકાતી ફોરમ અને ફૂલ-ફળની મીઠી સુગંધ, ખરેખર ગમે તેવાં થાકેલા દેહ અને મનના થાક ઉતારવા પુરતાં હતાં. કુદરતી સૌંદર્ય હૃદયને પ્રફુલ્લિત કરી પ્રભુદેવની પ્રતીતી કરાવે તેવું હતું.

તેથી જ ઈસુ ખ્રિસ્તે આ પ્રદેશમાં સુવાર્તા પ્રચાર અને માંદા-રોગીઓને સાજાં કર્યા પછી થોડો આરામ લેવા પોતાના શિષ્યો સાથે અહીં આવ્યો.

એકાંતવાસ આરામ માટે જરૂરી છે. પણ આવો એકાંતવાસ ઘણીવાર મનના દાબી રાખેલા મહત્વના પ્રશ્નો અને મુંઝવણોને પણ વેગ આપે છે, બહાર લાવે છે. એમ જ અહીંની શાંત પળોમાં ઈસુએ પોતાનું મન ખોલ્યું અને શિષ્યોને પુછ્યું કે ''હું કોણ છું, એ વિષે લોકો શું કહે છે ? અને શિષ્યોએ કહ્યું કે કેટલાએક યોહાન બાપ્તિસ્મા કરનાર જે કાપી નંખાયા હતા તે માને છે; બીજા કેટલાંય તમને એલીયાહ, સમજે છે. જ્યારે ઘણાં તમને જુના થઈ ગયેલા પ્રબોધકોમાંના એક ગણે છે...

ત્યારે ઈસુએ સીધો સવાલ કર્યો કે 'હું કોણ છું, તે વિષે તમે શું કહો છો ?' શિષ્યોમાં થોડીવાર તો સોપો પડી ગયો; પણ પીતરે જવાબ આપ્યો કે ''તું મસિહ, જીવતા દેવનો દીકરો છે.'' ત્યારે ઈસુને હરખ ચઢયો અને કહ્યું 'સીમોન બારયોના, તને ધન્ય છે; કેમ કે માંસે તથા લોહીએ નહિ, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે. અને હું પણ તને કહ્યું છું કે તું પીતર છે. (પીતરનો અર્થ પત્થર) આ પત્થર પર હું મારી મંડળી બાંધીશ. (પીતરના વિશ્વાસ અને કબુલાત પર) અને તેની વિરૂધ્ધ હાડેસની સત્તાનું જોર નહિ ચાલે.' માત્થી ૧૬:૧૩-૧૮

આજે ખ્રિસ્તી મંડળી સમક્ષ અને પ્રત્યેક ખ્રિસ્તી વ્યકિત આગળ આ મોખરાનો પ્રશ્ન છે. ઈસુ ખ્રિસ્તને તમે શું માનો છો ? તે કોણ છે ? તમે ક્યા વિશ્વાસથી અથવા કેવા હેતુથી તેમની પાસે આવ્યાં છો ?

ખ્રિસ્ત ઈસુમાંથી ક્યું ઉતેજન મળ્યું ? તેમના પ્રેમનો ક્યાં અને કેવો દિલાસો મળ્યો ? પવિત્ર આત્માની કઈ સંગત પ્રાપ્ત થઈ ? તમારાં હૃદયોને કેવી કરૂણા અને દયાનો સ્પર્શ થયો ? કે પછી માત્ર દેહનાં વાનાંથી ખ્રિસ્ત તરફ ખેંચાયાં છો ? શું હજી આકાશમાંના બાપના મર્મથી તમે વેગળાં છો ? શું ખ્રિસ્તનું માત્ર નામ ધારણ કરીને ખ્રિસ્તી ગણાઓ છો કે પછી સાચે જ ખ્રિસ્તને પહેરી લીધા છે ? જો ખ્રિસ્તને પહેરી લીધા છે તો પછી માત્ર ખ્રિસ્ત તમારામાં દેખાવા જોઈએ. કારણ કે ખ્રિસ્ત તમારામાં મહિમાની આશા રાખે છે. કલોસી ૧:૨૭ તે એ રીતે કે વિચાર, વાણી અને વર્તનથી આપણે ખ્રિસ્ત ઈસુને મોટા મનાવીએ અને ઘૂંટણે પડીને ઈસુને નમીએ તથા જીભે કબુલ કરીએ કે ઈસુ ખ્રિસ્ત એ જ પ્રભુ છે.

ઉપરોક્ત અનુભવ આપણ દરેકનો અંગત રીતે થાય માટે હવે પછીનાં પ્રકરણોમાં શીખીશું.

## ૨. જન્મ પહેલાંના ઈસુ

સામાન્યતઃ દરેક માણસનું જીવન, તેની હસ્તી અને અસ્તિવ તેના જન્મ પછી જ ગણાય. એ જ એનો જીવનકાળ કહેવાય છે. એથી વિશેષ આગળ જઈએ કે વિચારીએ તો જન્મ પહેલાં માતાના ઉદરમાં નવમાસની ગર્ભાવસ્થા કહી શકાય. તેમ છતાં જીવન તો જન્મ પછીજ શરૂ થાય; અને ગણાય.

પરંતુ ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાંની વાતો અને હક્કીતો બહુ અદ્‌ભૂત છે. તેના જન્મ પહેલાં તે હતા, તેમની કામગીરી વગેરે વિષે સ્પષ્ટ વિગતો જણાવેલી છે. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં તેમના વિષે આલેખાએલી વિગતો બહુ ચોક્કસ અને શંકા વગરની આપવામાં આવી છે. એ સર્વ બાબતો વિશ્વાસ કરવા યોગ્ય છે. કારણ કે એ વિગતો પ્રભુ દેવના સંતો, જેઓએ પોતાનાં જીવનો પ્રભુને ન્યોછાવર કરેલાં, અને જગતનાં મોહમાયા અને ભ્રમજાળોથી દૂર રાખેલાં; તેઓએ નિષ્પક્ષપાતપણે લખેલાં છે. વિશેષમાં આ પ્રભુના સેવકોને પ્રભુ પરમેશ્વરે પોતાની પ્રેરણા અને સંદર્શનો મારફતે જણાવેલી અને લખાવેલી તેજ તે વિગતો છે. વળી આ બીનાઓ અને વિગતોને ઈસુ ખ્રિસ્તે જગત પર આવીને પોતાના જીવનકાળ દરમ્યાન અનુમોદન આપીને સત્ય કરાવી છે.

વિશેષમાં આ વિગતોને આજે હજારો વર્ષોનાં વ્હાણા વહી ગયાં, પણ કોઈ તેની વિરૂધ્ધમાં પડકાર આપીને તેને અસત્ય ઠરાવી શક્યું નથી, કે તેની સામે બીજી સાબિતી આપી શક્યાં નથી.

ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પરના તેમના જીવન પહેલાંના છે. તે આદિ અનાદિ અનંત હતા, છે અને રહેશે. તેથી તે પોતે જયારે માનવજીવનમાં હતો ત્યારે તેમણે કહેલું, કે 'હું આલ્ફા તથા ઓમેગા, પ્રથમ તથા છેલ્લો, આદિ તથા અંત છું.' પ્રકટી ૨૨:૧૩.

ઈસુના જીવનકાળ દરમ્યાન લોકોએ ચોક્કસ જાણવા માટે તેમને

પ્રશ્ન કર્યો કે તમે ઈબ્રાહિમ કરતાં મોટો છે ? તમે કોણ હોવાનો દાવો કરે છે ? ત્યારે ઈસુએ વિના સંકોચ ઉત્તર આપ્યો કે ''હું તમને ખચીત ખચીત કહું છું કે ઈબ્રાહિમનો જન્મ થયા પહેલાંનો હું છું'' યોહાન ૮:૫૩,૫૮ ત્યારે જનસમુહ ઈસુના આ કથનને જુઠું ઠરાવી શક્યા નહિ; તેથી તેઓએ તેમને મારવાની કોશીશ કરી, અને ગુસ્સો ઠાલવ્યો.

જગતનો નિયમ છે કે જુઠ હારે છે, ત્યારે સત્યને મારવા પ્રયત્ન કરે છે.

ઈસુ ખ્રિસ્ત આકાશ તથા પૃથ્વીની ઉત્પતિ વેળાના છે. ઉત્ત્પતિમાં તે દેવના શબ્દ તરીકે હાજર હતા. દેવે જેમ જેમ શબ્દ કહ્યો, 'થાઓ' તેમ તેમ પ્રથમ પાંચ દિવસમાં આકાશ અને પૃથ્વીનું સર્જન થયું. ઉત્પત્તિ ૧:૧ - ૨૩ શું એ અદભૂત નથી કે નવા કરારનો ઈસુ તે જુના કરારમાં પણ ઉત્પતિ વેળા દેવની સંઘાતે હતા. તે સર્જક હતા!

''આદિ એ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો. તે જ આદિ એ દેવની સંઘાતે હતો, તેનાથી સઘળું ઉત્પન્ન થયું, એટલે જે કંઈ થયું છે, તે તેના વિના ઉત્પન્ન થયું નહિ. તેનામાં જીવન હતું; તે જીવન માણસનું અજવાળું હતું.... તે જગતમાં હતો, અને જગત તેનાથી ઉત્પન્ન થયું હતું, તો પણ જગતે ઓળખ્યો નહિ. શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો અને બાપના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો. તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો.''યોહાન ૧:૧ - ૪,૧૦,૧૪.

''તે આ છેલ્લા સમયમાં પુત્ર કે જેને તેણે સઘળાંનો વારસ ઠરાવ્યો અને વળી જેના વડે તેણે જગતોને ઉત્પન્ન કર્યાં, તે દ્વારા આપણી સાથે બોલ્યો. તે તેના ગૌરવનું તેજ તથા તેના સત્યની આબેહુબ પ્રતિમા અને પોતાના પરાક્રમના શબ્દથી સઘળાંને નિભાવી રાખે છે. તે પાપનું પ્રાયશ્ચિત કરીને મહાન પિતાની જમણી ગમ ઉચ્ચ સ્થાને બેઠો છે.'' હેબ્રી. ૧:૨ - ૩. અહીં ઈસુ ખ્રિસ્તના ત્રણે યુગ અને તેમાંની તેમની

કામગીરી દર્શાવ્યા છે.

પુરાતનકાળોમાં તેમ જગતની ઉત્પતિ કરનાર સર્જનહાર હતો. સઘળું તેમનાથી અને તેમના વડે ઉત્પન્ન થયું.

પૃથ્વી પરના જીવનમાં માણસ માત્રનાં પાપનું પ્રાયશ્ચિત કરીને મનુષ્યના તારનાર બન્યા.

આવનાર સમયો માટે બાપના જમણે હાથે બેસીને આપણા માટે તે મધ્યસ્થ બન્યા છે.

તે આલ્ફા તથા ઓમેગા; જે હતો, જે છે, એ જ રહેવાનો છે; તે એકલો અને એક જ ઈસુ ખ્રિસ્ત છે.

યોહાન બાપ્તિસ્મા કરનારે લોકો સમક્ષ ઈસુની ઓળખ કરાવી અને કહ્યું "જુઓ, દેવનું હલવાન, કે જે જગતનું પાપ હરણ કરે છે." યોહાન ૧:૨૯

આદિ માતા પિતા, આદમ-હવાએ આજ્ઞા ભંગ વડે પાપ કર્યું; પાપના કારણે તેમની નગ્નતા ખુલ્લી થઈ અને તેઓ લાજ્યાં. આ નગ્નતા ઢાંકવાનો બીજો કોઈ ઉપાય હતો નહિ. ત્યારે યહોવાહે હલવાનનાં બલિદાનથી તેમને સારૂ ચામડાનાં વસ્ત્ર બનાવીને તેમને ઢાંક્યાં. અહીં હલવાન એ ઈસુ ખ્રિસ્તનું પ્રતિક હતું. જે પાપની નગ્નતાને ઢાંકે છે. ઉત્પત્તિ ૩:૨૧

ઈબ્રાહિમ, દેવની આજ્ઞાને માથે ચઢાવી પોતાના દીકરા ઈસ્હાકનું બલિદાન આપવા મોરીયાહ પહાડ પર જવા નીકળ્યો. પોતાની સાથે ઈસ્હાક અને ચાકરો તથા છરો, લાકડાં, અગ્નિ સર્વ લીધા. અડધા રસ્તે ઈસ્હાકે બહુ સુચક પ્રશ્ન પોતાના પિતાને પૂછ્યો; કે બધું છે પણ હલવાન - ઘેટું કયાં છે. ઈબ્રાહિમે તુટી, જતા હૃદયે જવાબ વાળ્યો કે 'દેવ પોતાને સારૂ ઘેટો પૂરો પાડશે.' ઈસ્હાકના જીવના બચાવ માટે દેવે બલિદાનનો ઘેટો પૂરો પાડ્યો. ઉત્પત્તિ ૨૨:૧-૧૯. માણસ માત્રના જીવ બચાવવા ઈસુ કાલવરીના ડુંગરે બલિદાનનો ઘેટો બન્યા.

મિસર દેશની ગુલામીમાંથી છુટવાનો સમય આવ્યો ત્યારે છુટકારાની આગલી સાંજે દેવની આજ્ઞા પ્રમાણે પાસ્ખા પર્વ જે છુટકારાનું પર્વ - ઉજવણી હતી. તે માટે દરેક કુટુંબે એક હલવાન, તે નર અને એબરહિત, પહેલા વર્ષનો, એવો લઈને સાંજે કાપવો. તેને અગ્નિ પર શેકીને બે ખીમર રોટલી સાથે ખાવો. તેનું રક્ત ઘરની બારસાખો પર છાંટવું જેથી મરણનો દૂત તે ઘરનાં કોઈનો નાશ ન કરે. નિર્ગમન ૧૨:૧-૧૪ કેટલી સ્પષ્ટ અને ચોક્કસ યોજના હતી! એ મુજબ જ આબીબ માસના દશમાં દિવસે ઈસુ પોતે યરૂશાલેમમાં બલિદાનનો ઘેટો બનવા પ્રવેશ્યા. જે આજે પણ 'પામ સન્ડે' તરીકે ઉજવાય છે. અને ૧૪માં દિવસે તે પકડાયા. 'ગુડ ફ્રાઈડે' ની બપોર પછી એટલે સાંજે બલિદાન અપાયા. એ જ એ ઈસુ પુરાતનકાળોના તે હમણાં વધસ્થંભે જડાયા. આજે પણ ખ્રિસ્તી લોકો તેની યાદગીરીનું પર્વ એટલે 'પ્રભુભોજન' ઉજવે છે - પાળે છે.

"ઈસુ ખ્રિસ્ત ગઈ કાલે, આજે તથા સદાકાળ એવો ને એવો જ છે." હેબ્રી. ૧૩:૮

'બીહ મા, પ્રથમ તથા છેલ્લો હું છું; અને હું જીવંત છું; હું મુઓ પણ હતો, અને જુઓ, સદાકાળ જીવતો છું; અને મરણ તથા હાડેસની કૂંચીઓ મારી પાસે છે."પ્રકટી. ૧:૧૭-૧૮.

ઈસુ ખ્રિસ્ત, એ એકલાજ અનાદિ અનંત, જીવતા અને જાગતા પ્રભુ છે. તે સ્તુત્ય છે.

# ૩. જન્મેલા ઈસુ

ગાલિલ પ્રાંતના નાઝરેથ શહેરની એક કુમારીકા જેનું નામ મરીયમ હતું; તે દાઉદના કુળની હતી. તે ફુટડી અને સુંદર હતી; તેટલી જ તે ચારિત્રશીલ પણ હતી. તેનું વેવિશાળ યુસફ સાથે થયું હતું. તે પણ દાઉદના કૂળનો રાજવંશી નબીરો હતો. વિશેષમાં તે નીતિમાન અને સમજણો જુવાન હતો.

હવે આ મરીયમ પાસે પ્રભુ દેવનો મુખ્ય સંદેશવાહક દૂત ગાબ્રિએલ આવ્યો. તેણે મરીયમને વધામણીનો સંદેશો આપ્યો. આ વધામણી એકલી મરીયમ કરતાં આખા જગત માટે અને તે પણ ઉત્ત્પતિના જગતથી માંડીને અંત સુધીના જગત માટે વધામણી આનંદની સુવાર્તા હતી. તે સર્વ માનવજાત માટે હતી.

તે વધામણી આ હતી કે ''તને ગર્ભ રહેશે, ને દીકરો થશે; ને તું તેનું નામ ઈસુ પાડશે. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; અને દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે; તે યાકૂબના ઘર પર સર્વકાળ રાજ કરશે, અને તેના રાજ્યનો અંત આવશે નહિ.'' લુક ૧:૩૧-૩૨.

''અને તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે....... જુઓ, કુંવારી ગર્ભવતી થશે, ને તેને દીકરો થશે અને તેનું નામ તેઓ ઈમાનુએલ પાડશે; જેનો અર્થ એ છે કે, 'દેવ આપણી સાથે'...''માત્થી ૧:૨૧,૨૪.

પ્રભુ દેવ માણસોની સાથે, શું માનવી માટે એ વધામણી નહોતી ? આદમના પાપથી માંડીને આખી માનવજાત પાપથી પીડીત અને જેના પર દુઃખના ડુંગરા તુટી પડયા જેવી હાલતમાં દુઃખના નિસાસા નાખતાં પ્રસુતાની વેદનાથી કષ્ટાતાં હતાં. રૂમી ૮:૨૦-૨૩ અને સર્પ જે શેતાન છે, તેને આપેલા શ્રાપની વાટ જોતાં ''તારી અને સ્ત્રીની વચ્ચે, તથા તારા સંતાનની અને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ. તે તારૂં

માથું છુંદશે અને તું તેની એડી છુંદશે.''ઉત્પતિ ૩:૧૫ શેતાનનું માથું છુંદનાર ઈસુ આવે એ માનવીને માટે કેવી મોટી અને અદ્‌ભૂત વધામણી ગણાય!

હવે ઈસુના જન્મ વખતે પણ ''તે દેશમાં ઘેટાંપાળકો રાત્રે ખેતરમાં રહીને પોતાનાં ઘેટાંને સાચવતા હતા. પ્રભુનો એક દૂત તેઓની પાસે આવીને ઉભો રહ્યો; અને પ્રભુના ગૌરવનો પ્રકાશ તેઓની આસપાસ દેખાયો. તેઓ ઘણા ભયભીત થયા. દૂતે તેઓને કહ્યું કે બીહો મા; કેમ કે જુઓ હું મોટા આનંદની સુવાર્તા તમને કહ્યું છું, અને તે સર્વ લોકો માટે થશે. કેમ કે આજ દાઉદના શહેરમાં તમારે સારૂ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે.''લુક ૨:૮-૧૧.

ઈસુ ખ્રિસ્તનો જન્મ દાઉદના શહેરમાં એટલે બેથલેહેમમાં થયો. એ તેમના બાપદાદાઓનું વતન હતું. જન્મ પછી તે ઉછરીને મોટા થયા, નાઝરેથ શહેરમાં; એ તેમનું મોસાળ હતું.

ઈસુને નાઝરેથનાં ગણવામાં આવ્યા છે. વળી તેં નાઝારી પણ કહેવાતા. નાઝારી વૃત પ્રમાણે જે તે નરના કેશ કદી પણ કપાતા કે મુંડાતા નહિ. તે અપરણીત તથા સ્ત્રી સંસર્ગથી પરહેજ રહેતો. વળી તે દ્રાક્ષ ખાય શકતો નહિ તેમ દ્રાક્ષારસ કે દારૂ પી શકે જ નહિ. તે પ્રભુ દેવ માટે અલાયદો કરાએલો ગણાતો. ગણના ૬:૧-૫ આ વૃત લેનારા નાઝારી ક્હેવાતા હતા. જો કે ઈસુને આવું વૃત લેવાની જરૂર નહોતી; કેમ કે તે તો દેવથી મોકલાએલા અને અલાયદા કરાએલા જ હતા.

આ 'ઈસુ જ્ઞાનમાં તથા કદમાં, અને દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો.''લુક ૨:૫૨ કારણ કે, તેનો ગર્ભ કુંવારીને પેટે અને પ્રભુ દેવના પવિત્ર આત્માથી રહેલો હતો. એટલે તે દેવપુત્ર હતો.

ઈસુની બાર વર્ષની ઉંમરે તેના માબાપ તેને યરૂશાલેમ પાસ્ખાપર્વમાં લઈ ગયાં. પર્વ પુરૂ થયા પછી સૌ પોતપોતાના ઘેર ગયાં. પણ ઈસુ પાછળ રહી ગયા. યુસફ મરીયમે તેની તપાસ કરી પણ તે

જડયા નહિ; ત્યારે તેમની શોધમાં યરૂશાલેમ સુધી પાછાં આવ્યાં. ત્યારે ઈસુ મંદિરમાં શાસ્ત્રી, જ્ઞાનીઓ અને પંડિતો સાથે ધર્મજ્ઞાન અને ચર્ચા કરતા તેમનેં મળ્યા. મહાજ્ઞાનીઓ ઈસુના જ્ઞાનથી ઘણા પ્રભાવિત થયા અને આશ્ચર્ય પામ્યા. લુક. ૨:૪૧-૪૯.

તે પછી ઈસુ નાઝરેથ આવ્યા અને તેનાં માતપિતાને આધિન રહ્યા. તે તેમના પિતા યુસફનો મદદગાર બન્યા. તેઓ સુથારનું કામ કરતા હતા.

ધારવા પ્રમાણે યુસફનું મૃત્યુ બહુ ઓછી વયે થયું હતું. વળી આ વખતે ઈસુને બીજા ચાર ભાઈઓ અને બેનો હતી. તેમના પોષણ અને ઉછેરનો ભાર ઈસુ માથે આવ્યો. માટે ઈસુને તનતોડ મહેનત કરવી પડી હશે તેમ મનાય છે.

ઈસુ, ત્રીસ વર્ષની ઉંમરે હવે સુર્વાતાપ્રચાર અને આધ્યાત્મિક સેવાઓને માટે સુથારમાંથી સુર્વાતિક બન્યા. લગભગ સાડા ત્રણ વર્ષના ટુંકાં ગાળાની સેવામાં તેણે ભગીરથ કાર્ય કરી બતાવ્યું; જે બીજા કોઈપણ માણસથી થાય નહિ. તેમની સેવાઓ અદભૂત અને પ્રશંસનીય હતી. તેમની સેવાનાં ત્રણ પાસાં હતાં.

૧. સુવાર્તાપ્રચાર ૨. દેવનાં વચનોનું શિક્ષણ - ઉપદેશ. ૩. માંદાને સાજાં કરવા.

ઉપરોક્ત સેવા કરતાં, ચાર સુવાર્તાઓમાં તેના અઢળક ઉપદેશો આપેલા છે. વધારે સમજણ અને શિક્ષણ અર્થે બત્રીસ જેટલાં દૃષ્ટાંતો જે ખુબ અર્થ ગર્ભિત એવાં આલેખાએલાં છે. તેમજ માંદા-રોગી, આંધળાં - લુલાં - લંગડા, ભૂત વળગેલાંઓને સાજા કરવાના પાંત્રીસ ચમત્કારો નોંધાએલા છે.

વળી અંગત મુલાકાતો અને વ્યકિતગત સંપર્કો લગભગ ઓગણીસ લખાએલા છે.

પરંતુ ઈસુ ખ્રિસ્તની આ સેવાઓ તો આખા જગત માટે હતી

અને તે ઘણી વિશાળ હતી. તેથી ઈસુનો પ્રિય શિષ્ય યોહાન પોતાની સુવાર્તામાં લખે છે કે ''ઈસુએ કરેલાં બીજાં કામો પણ ઘણાં છે. જો તેઓમાંનું દરેક લખવામાં આવે, તો એટલાં બધાં પુસ્તકો થાય કે તેનો સમાવેશ આ જગતમાં થાય નહિ, એમ હું ધારૂં છું.'' યોહાન ૨૧:૨૫.

આ સર્વ દરમ્યાન અને વિશેષ કરીને યહુદીઓના ધર્માંધ અધિકારીઓ અને તેમના લોકો તરફથી થતા સખત વિરોધ અને ઈસુને પકડીને મારી નાખવાની તરકીબો તથા વધસ્થંભ પર જડાતાં સુધી તે અડગ અને નિષ્પાપ રહ્યા.

ઈસુની કારકિર્દી દરમ્યાન શાસ્ત્રીઓ અને ફરોશીઓએ તેમના ભાલદારો અને ચોકીદારોને ફરમાવ્યું હતું કે તેઓ ઈસુને પકડી લાવે; પણ જ્યારે તેઓ ખાલી હાથે ગયા ત્યારે અધિકારીઓએ તેમને પુછયું કે, કેમ તેઓ ઈસુને પકડી લાવ્યા નહિ; ત્યારે ભાલદારોએ ઉત્તર આપ્યો કે 'એના જેવું કદી કોઈ માણસ બોલ્યું નથી.' યોહાન ૭:૪૫-૪૬

ઘેટી પોતાના કાતરનારા આગળ મુંગી રહે છે, તેના જેવો તે હતો. તેણે તો પોતાનું મ્હોં ઉઘાડયું જ નહિ. તેના મુખમાં કપટ નહોતું. યશા ૫૩:૭,૯

ઈસુ ખ્રિસ્તને પકડીને તેમને વધસ્થંભ પર મારી નાખવાની સજા ફરમાવવા, પીલાત જે રૂમી હાકેમ હતો તેની પાસે લાવ્યા ત્યારે તપાસ કર્યા પછી પીલાતે કહ્યું કે 'મને તો એનામાં કંઈ પણ ગુન્હો માલમ પડતો નથી.' લુક ૨૩:૧૪.

ત્યારે યહુદીઓના સમુદાયે ઘાંટો પાડીને કહ્યું કે તેણે પોતે દેવનો દીકરો હોવાનો દાવો કર્યો છે.

પ્રમુખ યાજકે ઈસુને સવાલ કર્યો કે દેવનો દીકરો જે ખ્રિસ્ત તે તું જ છે ? ત્યારે પણ ઈસુએ એટલોજ પ્રત્યુતર આપ્યો કે 'તેં પોતેજ એ કહ્યું છે.' માત્થી ૨૬:૬૩-૬૪ માર્ક ૧૪:૬૧-૬૨.

ઈસુના મરણ વખતે હાજર રહીને જોનાર રૂમી સુબેદારની સાક્ષી આ હતી કે 'ખરેખર આ તો ન્યાયી માણસ હતો.' લુક ૨૩:૪૭.

ઈસુના મરણ પ્રસંગે ચોકી કરતા સિપાઈઓએ જોયું કે તેના મરણ વખતે જે બનાવો બન્યા, જેવા કે

૧. મંદિરનો પડદો ઉપરથી તળે સુધી ફાટીને તેના બે ભાગ થઈ ગયા.

૨. ધરતીકંપ અને ખડકો ફાટી ગયા.

૩. મુએલાંની કબરો ઉઘડી ગઈ.

૪. ઈસુના પુનરૂત્થાનના દિવસે સંતોનાં મુડદાં જીવતાં થઈને યરૂશાલેમ નગરમાં ઘણાંને દેખાયાં.

ઉપરોક્ત હકીકતો અને બનાવો જોઈને ચોકીદારોના જમાદારે બહુ બ્હીને કહ્યું કે 'ખરેખર એ તો દેવનો દીકરો હતો.'
માત્થી ૨૭:૫૧-૫૪.

આ બધા પ્રસંગો સ્પષ્ટ જાહેર કરે છે, કે ઈસુનું મનુષ્ય તરીકેનું જીવન નિષ્કલંક અને નિર્દોષ હતું. તેમનામાં પાપ નહોતું. તેણે પાપ જાણ્યું નહોતું.

જે શબ્દ હતો અને શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો, અને દેવ બાપના એકાકીજનિન દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો; તે પોતે દેવ હતા. તે કૃપા તથા સત્યાથી ભરપૂર હતા. યોહા ૧:૧૪

ખ્રિસ્ત ઈસુ પોતે દેવ હોવા છતાં તેમણે દેવ સમાન હોવાનું પકડી રાખવાને ઈચ્છયું નહિ; પણ તેમણે દાસનું રૂપ ધારણ કરીને એટલે માણસના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યો; અને માણસના આકારમાં પ્રગટ થઈને મરણને હા, વધસ્થંભના મરણને આધિન થઈને પોતાને નમ્ર કર્યો.... જેથી દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબુલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે. ફિલીપી ૨:૬-૧૧.

## ૪. ઉત્થાન પછીના ઈસુ

ખોવાયેલું શોધવા તથા તારવા સારૂ આવેલા ઈસુ; અને જેટલાંએ તેમના પર વિશ્વાસ કર્યો તે સર્વને જીવન અને તે પણ પુષ્કળ જીવન મળે માટે રાજીખુશીથી પોતાનું સ્વાર્પણ કરનાર ઈસુ મારી નંખાયા.

જે જગતને તેમણે પોતે ઉત્પન્ના કર્યું હતું; તે જગતમાં જ્યારે તે આવ્યા, ત્યારે જગતે તેમને ઓળખ્યો નહિ. તે પોતાના હાથની કૃતિનાં માનવી પાસે આવ્યા; પણ તેમના પોતાના લોકોએ તેમને અપનાવ્યા નહિ.

તે જગતનું અજવાળું હતા, અને તેમની ઈચ્છા પ્રત્યેક, હા માનવ માત્રને અજવાળું આપવાની હતી; પણ જગતે તો અંધકાર ચાહ્યો. જગતના પ્રકાશને હોલવી નાખવા તેમને વધસ્થંભ પર ખીલાથી જડી દીધા.

એ કાળુ કૃત્યા તે યહુદા અને યહુદીઓનું ગણાયું; પણ તેઓ તો ઈતિહાસના માત્ર હાથા બન્યા. બાકી તે તો મારાં અને તમારાં, જગતભરનાં - આદિથી અંત સુધીના સર્વ મનુષ્યોનાં પાપની કિમંત ચુકવવા, રાજીખુશીથી તે બલિદાનનું હલવાન બન્યા હતા.

લોહી વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી. હેબ્રી. ૯ઃ૨૨. અનુસાર પાપી જીવનો માટે નિર્દોષ નિષ્કલંક - નિરંજન અને અણિ શુધ્ધ એવા પવિત્ર ઈસુએ પોતાનું રક્ત વહેવડાવી દીધું; એટલા માટે કે જે કોઈ એ રક્તનો છંટકાવ પામે તે શુધ્ધ થાય. શેતાન અને પાપના દાસત્વમાંથી મુક્ત બને. છલકાતું - ઉભરાતું જીવન અને પુષ્કળ જીવન પામે અને જાતે અનુભવે. પ્રભુ દેવની કેવી મોટી કૃપા ! કેવી મહાન અને અદ્ભુત યોજના! કેવો અકથ્ય અને અકલ્પ્ય પ્રેમ !

મારી નંખાએલા ઈસુને કબરમાં મુકવામાં - દાટવામાં આવ્યા. પરંતુ જેના પંડમાં જરા સરખી પણ પાપની લકીર નહોતી તે શરીર કહોવાણ ક્યાંથી પામે! ત્રણ દિવસ પછી તે જેવા હતા તેવાજ પાછા

જીવિત થયા. તે મૃત્યુ અને કબ્બર પર જય મેળવીને ઉત્થાન પામ્યા.

આજે પણ એ કબ્બર ખાલી છે. એ કબ્બરમાં ત્યાર પછી કોઈ માનવીનું શબ મુકવામાં આવ્યું નથી. આજે એ કબ્બર ખુલ્લી છે. આજે પણ યરૂશાલેમની ભુમિ પર જનાર અને જોનારને ત્યાંના ભોમિયા (Guide) મોટા ભાગે યહુદી અને મુસલમાનો હોય છે; તેઓ ઈસુ ખ્રિસ્તના ઉત્થાનના કટ્ટર વિરોધીઓ છે, તેઓ જ બતાવે છે કે આ જ કબ્બરમાં ઈસુનું શબ દફનાવાયું હતું; અને આ જ એક આખા જગતમાં એવી કબ્બર છે કે જે ખાલી છે; કારણ કે ઈસુ જીવિત થઈને ઉઠયા છે.

આશરે ૧૯૫૦ વર્ષ પહેલાં, અને ઈસુ ખ્રિસ્તના ઉત્થાન પછી સ્થપાએલી ખ્રિસ્તી મંડળી અને આજે પણ ત્યાંના ખ્રિસ્તીઓ એક બીજાને સલામ પાઠવે છે, ત્યારે કહે છે, કે 'ખ્રિસ્ત ઉઠયા છે' અને પ્રત્યુત્તર પણ એવો જ મળે છે. કે 'ખરેખર ખ્રિસ્ત ઉઠયા છે.'

ઉત્થાન પામેલા ઈસુ ખ્રિસ્તે ચાળીસ દિવસ સુધી પોતાના શિષ્યોને તથા અનુયાયીઓને તેમ જ અન્ય ઘણાંને રૂબરૂ દર્શન આપ્યાં. તેમની સાથે વાતો અને વ્યવહાર કર્યા. એની સામે અને વિરૂધ્ધમાં આજ સુધી કોઈ નક્કર વિરોધ કે પુરાવા આપી શકયા નથી. માત્ર વિરોધ અગર શંકા એ પુરતાં ગણાય નહિ.

ઉત્થાન પછીના ચાળીસમા દિવસે ઈસુ ખ્રિસ્ત પોતાના અગીયાર શિષ્યો સાથે જૈતુન પહાડ ઉપર હતા ત્યારે શિષ્યોની સાથે વાતો કરતાં કરતાં તે એકાએક ઉપર આકાશમાં ખેંચી લેવાયા. શિષ્યો આ અદભૂત બનાવ ફાટી આંખે જોઈ રહેતા અચંબાથી ડઘાઈ ગયા.

તે જ વેળાઓ આકાશના બે દૂતોએ ત્યાં આવીને શિષ્યોને કહ્યું કે તમે શું જોઈ રહ્યા છો ? એ જ ઈસુ જેમ આકાશમાં ચઢી ગયો છે; તેમ જ તે પાછો આવશે. પ્રેરિ. ૧:૯-૧૧.

ઈસુ ખ્રિસ્તે પોતાના મૃત્યુ પહેલાં શિષ્યોને આ વાત જણાવી હતી કે હું તમારે સારૂ જગ્યા તૈયાર કરવાને જાઉં છું, અને હું પાછો

આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ. જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો. યોહાના ૧૪:૨-૩.

હવે સ્વર્ગારોહણ થયા પછી ઈસુએ પોતાની જગા દેવ બાપના જમણા હાથે રાજ્યાસન પર લીધી. હવે ત્યાંથી તે આપણા વકીલ બનીને આપણે માટે એટલે આપણા જીવન અને ઉત્કર્ષ માટે બાપની સમક્ષ મધ્યસ્થી કરે છે.

''મારાં બાળકો, તમે પાપ ન કરો માટે હું આ વાતો તમને લખું છું. જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે, એટલે ઈસુ ખ્રિસ્ત જે ન્યાયી છે તે; અને તે આપણાં પાપનું પ્રાયશ્ચિત છે, અને કેવળ આપણાંજ નહિં પણ આખા જગતનાં પાપનું પ્રાયશ્ચિત છે.'' ૧ યોહાન ૨:૧-૨

''અને નવા કરારના મધ્યસ્થ ઈસુની પાસે, અને જે છંટકાવનું રક્ત હાબેલના કરતાં સારૂં બોલે છે, તેની પાસે તમે આવ્યા છો. 'હેબ્રી. ૧૨:૨૪.

એ મુજબ તેની મધ્યસ્થી અને દેવ બાપ આગળની રજુઆત એટલી બધી ચોક્કસ અને સચોટ છે; કે સ્વર્ગારોહણ પછી દશ જ દિવસમાં બાપ તરફથી પવિત્ર આત્મા પૃથ્વી પરના તેના લોકો પર મોકલવામાં આવ્યો. જેથી પવિત્ર આત્મા આપણો સંરક્ષક બને, અને સંભાળે.

તે આપણો મહાન શિક્ષક અને સર્વ સત્યમાં દોરી જનાર તથા શિખવનાર બને.

તે આપણને સામર્થ્ય આપનાર છે. પવિત્ર આત્માના પરાક્રમ વગર ખ્રિસ્તી જીવન પાંગળુ અને અધુરૂં છે.

આ જગતમાં પવિત્ર આત્મા આપણો સંબોધક અને સંરક્ષક છે.

જ્યારે આકાશમાં ઈસુ ખ્રિસ્ત આપણો મહાન વકીલ અને મધ્યસ્થ છે.

તેથી હવે આજે પ્રત્યેક ખ્રિસ્તી જે ઈસુ ખ્રિસ્ત પર અને તેના

ઉધ્ધારના કાર્યમાં વિશ્વાસ કરે છે; તે દરેકની મોટામાં મોટી આશા અને કર્તવ્ય એ છે કે તેઓ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની વાટ જોતાં પોતાનાં જીવનોને નિર્દોષ અને ધન્ય બનાવે.

આ રીતે 'દેવની જે કૃપા સઘળાં માણસોનું તારણ કરે છે, તે પ્રગટ થઈ છે; તેથી આપણને એવું શિક્ષણ મળે છે, કે અધર્મ તથા વિષયવાસનાનો ત્યાગ કરીને હાલના જગતમાં ઠાવકાઈથી પ્રમાણિકપણે તથા ભક્તિભાવ રાખીને વર્તવું, અને ધન્ય આશા પ્રાપ્તિની ઘડીની અને મહાન દેવ તથા આપણા તારનાર ઈસુ ખ્રિસ્તના મહિમાના પ્રગટ થવાની વાટ જોવી. ''તીતસ ૨:૧૧-૧૩

''કેમ કે પ્રભુ પોતે ગર્જના સહિત, પ્રમુખ દૂતની વાણી સહિત તથા દેવના રણશિંગડા સહિત આકાશમાંથી ઉતરશે, અને ખ્રિસ્તમાં જેઓ મુએલાં છે, તેઓ પ્રથમ ઉઠશે; પછી આપણામાંના જેઓ જીવતાં રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારૂ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું; અને એમ સદા પ્રભુની સાથે રહીશું. તો એ વચનોથી એકબીજાંને ઉત્તેજન આપો.''૧ થેસ્સા. ૪:૧૬-૧૮.

''માટે દુષ્ટ અતંઃકરણથી છુટવા સારૂ આપણા હૃદયો પર છંટકાવ પામીને તથા નિર્મળ પાણીથી શરીરને ધોઈને, આપણે શુદ્ધ હૃદયથી અને પૂરેપૂરા નિશ્ચયથી વિશ્વાસ રાખીને દેવની સનિધ્ધ જઈએ. આપણે આપણી આશાની કબુલાત દૃઢ પકડી રાખીએ, કેમ કે જેણે વચન આપ્યું છે તે વિશ્વાસ યોગ્ય છે. જેથી પ્રેમ રાખવાને તથા સારાં કામ કરવા અરસપરસ ઉત્તેજન મળે માટે આપણે એકબીજાનો વિચાર કરીએ. જેમ કેટલાએક કરે છે, તેમ આપણે એકઠા મળવાનું પડતું ન મુકીએ. પણ આપણે એકબીજાને ઉત્તેજન આપીએ; અને જેમ જેમ તે દહાડો ( ઈસુ ખ્રિસ્તના પુનરાગમનનો) પાસે આવતો જુઓ, તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો.''હેબ્રી. ૧૦:૨૨-૨૫

ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની મહાન આશામાં જીવન ઉત્કૃષ્ટ અને શુદ્ધ કરતાં રહેવું એ કેટલું વિશેષ અગત્યનું છે; કારણ કે ત્યારે આપણે

પ્રભુને મળવા ગગનમાં તણાઈ જઈશું. એટલુંજ નહિ પણ ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર આવશે, ત્યારે તેમનું એક હજાર વર્ષનું લાંબુ રાજ્ય સ્થપાશે; અને એ રાજ્યનાં આપણે નાગરિકો બનીશું. આ રાજ્ય પ્રેમ–આનંદ–શાંતિ અને કોઈપણ જાતના ઉપદ્રવ વગરનું હશે.

"તે વખતે વરૂ તથા હલવાન સાથે રહેશે; ચિત્તો, લવારા પાસે સૂશે; વાછરડું, સિંહ તથા માતેલાં ઢોર એકઠાં રહેશે; અને નાનું છોકરૂં તેમને દોરશે, ગાય તથા રીંછ સાથે ચરશે; તેઓનાં બચ્ચા ભેગાં સૂશે. સિંહ ઢોરની પેઠે કડબ ખાશે. ધાવણું બાળક સાપના દર પર રમશે, ને ધાવણ છોડાવેલું છોકરૂં નાગના રાફડા ઉપર પોતાનો હાથ મુકશે. મારા આખા પવિત્ર પર્વતમાં કોઈ ઉપદ્રવ કરશે નહિ. તેમ વિનાશ કરશે નહિ. કેમ કે જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે, તે પ્રમાણે પૃથ્વી યહોવાહના જ્ઞાનથી ભરપૂર થશે." યશા. ૧૧:૬–૯.

વિશેષમાં આવા સુખ શાંતિના રાજ્યમાં આપણે અમલ ચલાવનારાં અધિકારીઓ બનીશું. શું એ અદભૂત નથી!

વળી આવાં આનંદના હજાર વર્ષ પૂરાં થયા પછી આકાશ અને પૃથ્વી જતાં રહેશે. નવું આકાશ અને નવી પૃથ્વી, જે નવું યરૂશાલેમ પ્રભુ દેવ પાસેથી આકાશમાંથી ઉતરશે. (જુઓ પ્રકટી. – ૨૧ મો અધ્યાય) તેમાં આપણો વસવાટ થશે. ઇસુ ખ્રિસ્ત એકલાજ ત્યાં રાજાઓના રાજા પ્રભુઓના પ્રભુ અને દેવોના પણ દેવ બનીને હાજર હશે.

આ અદભૂત જગા અને વ્યવસ્થા તમારા વસવાટ માટે થશે.

જે ઈસુ ખ્રિસ્તના પૃથ્વી પરના જીવનમાં તેના દેવત્વ વિષે શંકા અને અવિશ્વાસ રાખનારાં, તેઓ હવે આ છેલ્લી પરિસ્થિતી જોઈને રડશે અને દાંત પીસશે.

માટે હમણાં માન્યકાળ છે; હમણાં જ તારણનો દિવસ છે. ઇસુ ખ્રિસ્ત એ જ એકલા તારનાર અને પ્રભુ છે. તે હતા, તે છે, અને તે જ રહેશે. તેમની આધિનતા સ્વીકારો, તે તમારાં પાપ માફ કરનાર એકલા જ પ્રભુ દેવ છે.

# ૫. દેવ માણસ કેમ બન્યા ?

માણસ માત્ર પાપ કરનાર છે. જે કોઈ પાપ કરે છે, તેણે દેવને જોયો નથી અને તેને ઓળખતો પણ નથી. ૧યોહાન. ૩:૬.

જે ઈશ્વરને કદી જોયા નથી, તેનેં ઓળખવા પણ મુશ્કેલ છે. જ્યાં સુધી સૌંદર્ય કશામાં અંકિત ન થાય ત્યાં સુધી સૌદંર્ય શું છે. અને કેવું છે, અગર કોને કહેવાય તે જાણી શકાય જ નહિ. એ જ પ્રમાણે પ્રભુ દેવને સમજવા અને ઓળખવા મુશ્કેલ છે. એટલે જ માણસ ઈશ્વરી ઘટનાઓને સમજ્યા વગર તેને અંધારામાં નાખે છે; અથવા તેની અવગણના કરે છે. કારણ કે, 'યહોવાહ મોટો અને બહુ જ સ્તુતિપાત્ર છે; તેનું મહાત્મ્ય અગમ્ય છે,' ગીત. ૧૪૫:૩.

તેથી જ પ્રભુ પરમેશ્વરના ગુઢ મર્મો શોધવાથી જડે નહિ, અને ગમે તેટલી ખોજ કરવાથી પણ સર્વશક્તિમાન પ્રભુ દેવનો પાર પામી શકાય નહિ. કેમ કે તે તો ગગન જેટલાં ઉંચા તથા પૃથ્વી જેટલાં લાંબા અને સમુદ્રો સમાન પહોળાં અને ઊંડા છે.

માનવી શક્તિઓ મર્યાદિત છે, તેથી કોણ મહાસાગરોનાં પાણી માપી શકે ? કોણ આકાશનું ક્ષેત્રફળ ગણી શકે ? કોણ પર્વતોને ત્રાજવામાં જોખી શકે ? એમ જ યહોવાહ જે પ્રભુ દેવ તેના આત્માને કોણ જાણી શકે ?

'કેમ કે મારા વિચારો તે તમારા વિચારો નથી; તેમ તમારા માર્ગો મારા માર્ગો નથી; એમ યહોવાહ કહે છે. જેમ આકાશો પૃથ્વીથી ઉંચા છે, તેમ મારા માર્ગો, તમારા માર્ગોથી અને મારા વિચારો, તમારા વિચારોથી ઉંચા છે.'' યશા. ૫૫:૮-૯.

''આહા ! દેવની બુદ્ધિની અને જ્ઞાનની સંપતિ કેવી અગાધ છે ! તેના ઠરાવો કેવા ગુઢ, અને તેના માર્ગો કેવા અગમ્ય છે ! કેમ કે પ્રભુનું મન કોણે જાણ્યું છે ? અથવા તેનો મંત્રી કોણ થયો છે ? રૂમી. ૧૧:૩૩-૩૪.

માનવી પોતાની મર્યાદિત શક્તિઓથી દેવના આવા અગાધ અને ગુઢ મર્મો અને જ્ઞાનનો પાર ક્યાંથી પામી શકે ? એટલા માટે "પ્રાચીન કાળમાં પ્રબોધકો દ્વારા આપણા પૂર્વજો સાથે દેવ અનેકવાર અને અનેક પ્રકારે બોલ્યા. તે આ છેલ્લા સમયમાં પુત્ર કે જેને તેમણે સઘળાંનો વારસ ઠરાવ્યા; અને વળી જેના વડે તેણે જગતોને ઉત્પન્ન કર્યા; તે દ્વારા આપણી સાથે બોલ્યા. તે તેના ગૌરવનું તેજ તથા તેના સત્વની આબેહુબ પ્રતિમા છે, અને પોતાના પરાક્રમના શબ્દથી સઘળાંને નિભાવી રાખે છે. તે પાપનું પ્રાયશ્ચિત કરીને મહાન પિતાની જમણી તરફ ઉચ્ચસ્થાને બેઠા છે" હેબ્રી. ૧:૧ - ૩.

'કેમ કે ખ્રિસ્તમાં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે.' કલોસી ૨:૯

એમ ઈસુ ખ્રિસ્તને આ જગત પર માનવરૂપ લઈને આવવું પડ્યું; કે જેથી તેની મારફતે દેવ માણસજાતમાં પ્રગટ થાય, ઓળખાય અને સમજાય. માણસને દેવનું આવું ગુઢ જ્ઞાન સમજાવવા માણસ જ યોગ્ય અને કાબેલ ગણાય. બહારનું કોઈપણ, ગમે તેવું અને તેટલું અલૌકિક અગર દૈવી હોય તો પણ માણસ તેનું સાંભળે કે સમજે નહિ. જુઓ લુક ૧૬:૩૧ એટલા માટે જ, તે પોતે દેવના રૂપમાં હોવા છતાં, તેણે માણસનું અને તે વળી દાસનું રૂપ ધારણ કરીને પોતાને નમ્ર કર્યો. ફિલીપી ૨:૬ - ૮ માટે ઈસુ ફિલીપને બહુ સ્પષ્ટ જણાવ્યું કે 'જેણે મને જોયો છે, તેણે બાપને જોયો છે. હું બાપમાં છું અને બાપ મારામાં છે.' યોહાન. ૧૪:૯ - ૧૦.

પ્રભુ દેવને માણસ બનવાનું બીજું કારણ એ હતું કે માણસ તેનાં પાપનાં કારણથી ભટકી ગયું હતું. તે દેવથી સંતાતું અને નાસતું એટલું દૂર નીકળી ગયું હતું કે તે હવે પોતાની મેળે દેવ પાસે આવી શકે જ નહિ. દેવની અને માણસજાત વચ્ચે એક બહુ ઉંડી અને ઘણી વિશાળ ખાઈ ખીણ બની ગઈ હતી. કોઈથી તે ઓળંગી શકાય તેવી નહોતી. લુક ૧૬:૨૬ સરખાવો.

માટે દેવે જોયું કે ''તેઓની અંદર મેં એવો માણસ શોધ્યો, કે જે આડરૂપ થઈને મારી તથા દેશની વચ્ચે છીંડામાં ઉભો રહીને મને તેનો નાશ કરતાં વારે; પણ મને એવો એક માણસ મળ્યો નહિ.' હઝ. ૨૨:૩૦.

''યહોવાહે જોયું કે કંઈ ઈન્સાફ નથી, એ તેની દ્રષ્ટીમાં માઠું લાગ્યું. તેણે જોયું કે કોઈ માણસ નથી, અને કોઈ મધ્યસ્થ નથી; તે જોઈને તે વિસ્મય પામ્યો. માટે તેણે પોતાને સારૂ પોતાને જ હાથે તારણ સાધ્યું; અને તેનું પોતાનું ન્યાયીપણું તે તેનો આધાર થયું'' યાશા. ૫૯-૧૬, ૬૩:૫

પ્રભુ દેવ અને માણસજાત; કર્તા અને કૃતિ, અનંત અને અંત, પવિત્ર અને પાપી, વચ્ચે જે મોટું અતંર હતું તે પુરવા, બે છેડાને એક કરવા, બે કિનારા વચ્ચે પુલ (Bridge) તરીકે દેવને માનવ બનવું પડ્યું.

''દેવે જગત પર એટલી બધી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે,'' યોહાન ૩:૧૬

એ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તને લીધે આપણે દેવની સાથે સમાધાન પામીએ છીએ. વળી એ જ કૃપાને આશરે દેવ સાથે આપણો મિલાપ કરાવ્યો છે.

''કેમ કે આપણે નિર્બળ અને ઉપાય વગરનાં લાચાર હતાં, ત્યારે યોગ્ય સમયે આપણ અધર્મીઓને સારૂ ખ્રિસ્ત ઈસુ વધસ્થંભ પર મરાયા.''

વળી જ્યારે આપણે પાપી હતાં, નાશ પામવાને માટે નક્કી હતાં, ત્યારે ખ્રિસ્તે આપણાં પાપ પોતાને માથે લીધાં અને આપણું મરણ તેમણે વેઠ્યું.

તેમ જ જ્યારે આપણે દેવના શત્રુ હતાં; પાપના કારણથી શેતાનના પક્ષના હતાં; ત્યારે જો દેવની સાથે તેના દીકરા ઈસુ ખ્રિસ્તના મરણદ્વારા આપણો મિલાપ તેની સાથે થયો. માટે તેના જીવનને લીધે આપણે બચી

જઈશું એ કેટલું વિશેષ ખાત્રીપૂર્વક છે. રૂમી ૫:૬,૮,૧૦.

એમ દેવે ખ્રિસ્ત ઈસુમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવીને, તેઓના અપરાધ તેઓને લેખે ગણતો નથી; અને તેણે અમને સમાધાનનો આ સંદેશો સોંપ્યો છે. ૨ કરંથી ૫:૧૯.

ત્રીજી બાબત એ હતી, કે માનવજાતનાં પાપની ખંડણી ચુકવવા, નિર્દોષ - નિષ્કલંક અને સંપૂર્ણ પવિત્ર લોહી વગર તે બની શકે તેમ નહોતું. વળી જેના લોહીમાં સહેજ પણ પાપની રેખા સરખી ના હોય, તેવું તો કોઈ હતું જ નહિ. વિશેષમાં પ્રભુ દેવને માણસજાતના બચાવમાં ખાસ અંગત રસ હતો.

માણસ દેવની કૃતિ છે; અને પોતાની કૃતિનો નાશ થાય તે કર્તા કેમ સહન કરી શકે ? તેથી, આદમથી માંડીને આજસુધી દેવ અથાગ મહેનત અને પ્રયત્ન કરતો જ રહ્યો. હવે છેવટે તેણે પોતાના દીકરાને જગત પર મોકલ્યો. જે પોતે ખોવાએલું શોધવા તથા તારવા સારૂ આવ્યો.

''ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે મારો બાપ અત્યાર સુધી કામ કરે છે, અને હું પણ કામ કરૂં છું.'' યોહાન ૫:૧૭

''જ્યાં સુધી દહાડો છે ત્યાં સુધી જેણે મને મોકલ્યો છે, તેનાં કામ આપણે કરવાં જોઈએ. રાત આવે છે, કે જ્યારે કોઈથી કામ કરી શકાતું નથી. જ્યારે હું જગતમાં છું, ત્યારે હું જગતનો પ્રકાશ છું.'' યોહાન ૯:૪

જીવન વગરનાંને જીવન મળે અને તે પુષ્કળ મળે, માટે હું (ઈસુ ખ્રિસ્ત) આવ્યો છું. હું ઉત્તમ ઘેટાંપાળક છું. ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારૂ પોતાનો જીવ આપે છે. યોહાન ૧૦:૧૦-૧૧.

વળી એ મુજબ જ ''તેણે તો ઘણાંઓનાં પાપ પોતાના માથે લીધાં અને અપરાધીઓને સારૂ મધ્યસ્થી કરી'' યશાપ ૩:૧૧

દેવને માણસ બનવાનું ચોથું કારણ એ હતું કે માનવજાત, પાપના મુસારા મરણ હેઠળ ટૂંક અને મર્યાદિત આયુષ્યવાળી બની હતી; તેને

અનંતજીવન પ્રાપ્ત કરાવવાને જગત પર આવવું પડ્યું.

"હે બાપ, સમય આવ્યો છે; તું તારા દીકરાને મહિમાવાન કર, જેથી દીકરો તને મહિમાવાન કરે. કારણ કે તેં સર્વ માણસો પર તેને અધિકાર આપ્યો છે, જેથી જેઓને તેં તેને આપ્યાં છે, તે સર્વને તે અનંતજીવન આપે.

અનંતજીવન એ છે કે તેઓ તને એકલા ખરા દેવને તથા ઈસુ ખ્રિસ્ત જેને તે મોકલ્યો છે, તેને ઓળખે."યોહાન ૧૭:૨ - ૩

પ્રભુ પરમેશ્વરને તથા તેણે મોકલેલા તેના દીકરા ઈસુ ખ્રિસ્તને ઓળખીને, તેમને અનુરૂપ બનીને અનાદિ અનંતજીવન પ્રાપ્ત કરીએ. કેમ કે બાપ અને દીકરો બન્ને અનાદિ અનંત છે.

તે જીવે છે, માટે આપણે પણ જીવીશું. તે મહિમાવંત છે, માટે આપણે પણ મહિમાવાન થઈશું.

પાંચમું કારણ, ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવા વિષે જે પુરાતનકાળો થી ભવિષ્ય કથનો કહેવા અને લખવામાં આવ્યા હતાં તે ભવિષ્ય વચનો પર મહોર મારવા અને સત્ય ઠરાવવા ઈસુ ખ્રિસ્તને માણસ બનવું પડયું.

"તેણે તેઓને કહ્યું કે હું તમારી સાથે હતો ત્યારે એ વાતો તમને કહી હતી કે મુસાના નિયમશાસ્ત્રમાં તથા પ્રબોધકોના પુસ્તકમાં તથા ગીતશાસ્ત્રમાં મારા સંબધી જે લખેલું છે, તે બધું પુરૂ તથા ગીતશાસ્ત્રમાં મારા સંબંધી જે લખેલું છે, તે બધું પુરૂ થવું જોઈએ." લુક ૨૪:૪૪

"તેને વિષે સઘળા પ્રબોધકો સાક્ષી આપે છે કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે છે, તે તેના નામથી પાપની માફી પામશે." પ્રેરિ. ૧૦:૪૩. એ મુજબ "તેણે પોતાના સેવક દાઉદના કુળમાં આપણે સારૂ તારણનું શિંગ ઉભું કર્યું છે."લુક ૧:૭૦. અને તારામાં પૃથ્વીનાં સર્વકુળ આશીર્વાદ પામશે. ઉત્પતિ ૧૨:૩ માટે, યિશાઈના ઠૂંઠામાંથી ફણગો ફુટશે, ને તેની જડમાંથી ઉગતી એક ડાળીને ફળ આવશે. યશા. ૧૧:૧ એ કારણથી ઈસુ ખ્રિસ્તનું આ પૃથ્વી પર માણસ તરીકે આવવું થયું.

છઠ્ઠું કારણ એ હતું કે જગત પર અને માણસોનાં જીવનમાં અધર્મ અને પાપની આસુરી સત્તા જે વિનાશના પુત્રએ - શેતાને જમાવી હતી; અને પોતાને પરાત્પર બનાવવા જે સત્તાનું જોર જમાવ્યું હતું; તે તોડવા અને તેના નાશ કરવા ઈસુ ખ્રિસ્તને આ જગતમાં માણસ થઈ આવવું પડયું.

"તારી (શેતાન) સ્ત્રીની વચ્ચે, તથા તારાં સંતાન અને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ; તે તારૂં માથું છુંદશે, અને તું તેની એડી છુંદશે." ઉત્પતિ ૩:૧૫.

"તે પોતાના મ્હોંની સોટીથી જુલ્મીને મારશે; અને પોતાના હોઠોના શ્વાસથી તે દુષ્ટોનો સંહાર કરશે." યશા. ૧૧:૪.

"ત્યાર પછી તે અધર્મી પ્રગટ થશે, પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે." ૨ થેસ્સા. ૨:૮.

સાતમું અને છેલ્લું કારણ એ હતું કે, આ જગતમાં માનવી માટે તે જામીન અને મધ્યસ્થ બને.

"ખચીત તેણે આપણાં દરદ માથે લીધાં છે, અને આપણાં દુઃખ વેઠયાં છે.... આપણા અપરાધોને લીધે તે વિંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, અને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે."

યશા. ૫૩:૪-૫

એટલા માટે, જે તમને ઠોકર ખાતાં બચાવવા, અને પોતાના ગૌરવથી સમર્થ તમને પરમાનંદ સહિત નિર્દોષ રજુ કરવા, સમર્થ છે. એટલે આપણો તારનાર જે એકલો દેવ, તેને ગૌરવ, મહત્વ, પરાક્રમ તથા અધિકાર અનાદિકાળથી હમણાં તથા સર્વકાળ હોજો."

આમેન. યહુદા ૨૪-૨૫

# ૬. ઈસુની ઓળખ

સૌથી પ્રથમ આપણે એ જાણવાની જરૂર છે કે જે ઈસુ આ જગત પર જનમવાના હતા; તેના વિષે સેંકડો વર્ષો અગાઉથી ભવિષ્ય કથનો કહેવામાં આવ્યાં હતાં. આ ભવિષ્ય વચનો કહેનાર કોઈ સામાન્ય ઘરના માણસો અથવા ભૂતપ્રેત વિદ્યા જાણનારા કે ભવિષ્ય જોનારા નહોતા તેઓ તો તેમના જમાનાના ખુદ ધાર્મિક અને ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક જીવન જીવનારા સંતો અને પ્રબોધકો હતા. સમાજમાં તેઓ આદરને પાત્ર અને માનનીય સ્થાન ધરાવનારા હતા. એ સર્વ ઉપરાંત આ ભવિષ્ય કથનો તેઓએ પ્રભુ દેવની પ્રેરણાથી પ્રાપ્ત કરેલાં હતાં.

આ ભવિષ્ય કથનો તે આવનાર અને અવતાર લેનાર દેવથી ઠરાવાએલા ઈસુ, જેના જન્મ સ્થળ, સમય અને કુંવારીના પેટે જનમનાર તથા તેના જીવનકાળ વિષે પણ બહુ ચોક્કસ વિગતો બાઈબલમાં અપાએલી છે.

આવાં ભવિષ્ય કથનો લગભગ ૩૩૩ જેટલાં બાઇબલના પાતે કંડારાએલાં છે. તેઓ તેના જીવન અને સેવા કાર્યો તેમજ મૃત્યુ અને પુનરૂત્થાન તેમજ આવનાર બનાવોનાં છે. જેમાંનાં ઈસુના સ્વર્ગારોહણ સુધીમાં ૨૪૦ ઉપરાંત ભવિષ્ય વચનો અક્ષરશઃ તેના દર્શાવેલા સમયો અને રીત પ્રમાણે પૂરાં થયેલાં છે.

''દેવે જગતના આરંભથી પોતાના પવિત્ર પ્રબોધકોના મુખદ્વારા જે વિષે કહ્યું હતું; તે સઘળાંની પુનઃસ્થાપના થવાના સમયો સુધી આકાશમાં તેણે એટલે ઈસુએ રહેવું જોઈએ.'' પ્રેરિ. ૩ઃ૨૧

''પણ સમય પૂરો થયો ત્યારે દેવે સ્ત્રીથી જન્મેલો અને નિયમને આધીન એવો પોતાનો પુત્ર મોકલ્યો.'' ગલા. ૪ઃ૪

હવે ઈસુ જન્મ્યો, ત્યારે ઘેટાંપાળકો જે આકાશના દૂતે વધામણીની સુવાર્તા કહી તેમાં તેણે ભરવાડોને ચોક્કસ નિશાની આપી

કે ''તમારે સારૂ એ નિશાની છે, કે તમે એક બાળકને લુગડામાં લપેટેલો, ગભાણમાં સુતેલો જોશો'' લુક ૨:૧૨, અતિ મહાન, ગૌરવી અને પરાક્રમી પ્રભુ દેવ, જેનો આકાશો અને પૃથ્વી સમાવેશ કરી ન શકે; તેવો વિરાટ પ્રભુ જેને અંતરિક્ષ પણ ઢાંકી શકે નહિ, તેવો પ્રભુ એક વામન નાનું બાળક થયો અને બે વેંતના બાળોતીયામાં લપેટાયો. કેવી આશ્ચર્યકારક નિશાની! જગતના લોકો ઓળખે માટે એ હતી.

''યહોવાહ કહે છે કે આકાશો મારૂં રાજ્યાસન છે; અને પૃથ્વી મારૂં પાયાસન છે.'' યશા. ૬૬:૧.

માપ્યાં મપાય નહિ તેવાં આકાશ માત્ર પ્રભુની બેઠકનું એક આસન માત્ર છે; પૃથ્વી તે તો કેવળ તેના પગ ટેકવવાનું પગથીયું છે. પ્રભુ તમે અતિ મહાન છો. તમારી યોજના આશ્ચર્ય છે. પ્રભુ તમે અતિ મહાન છે. તમારી યોજના આશ્ચર્ય પમાડે તેવી છે. માનવીની વામનતા માંથી ઉત્કર્ષ કરવા પ્રભુ તમે જાતે વામન બન્યા? તમારી નમ્રતાને અમારાં કોટી કોટી નમન છે.

ઝખાર્યાહ અને એલીસાબેત બન્ને બહુ ન્યાયી અને નીતિમાન ધાર્મિક હતા; તેઓ ઘણાં ઘરડાં હતાં પણ સંતાન નહોતું. યોહાન બાપ્તિસ્મી જે પ્રભુનો માર્ગ તૈયાર કરનાર તરીકે આવનાર હતો; તે આ એલીસાબેતને પેટે જન્મે તેવી દેવની ઈચ્છા હતી. માટે એલીસાબેત ગર્ભવતી થઈ.

બીજી તરફ મરીયમ કુંવારીને પણ છ માસ પછી ગર્ભ રહ્યો. હવે આ બંન્ને કૌટુંબીક સગપણમાં હતી. જ્યારે મરીયમને દૂતે સમાચાર આપ્યા ત્યારે એલીસાબેતના ગર્ભ વિષે પણ દૂતે જણાવેલું. તેથી મરીયમ પોતાની સગી એલીસાબેતને મળવા તેના ગામ ગઈ. જ્યારે મરીયમે એલીસાબેતને સલામ કરી ત્યારે એલીસાબેતના પેટમાં બાળક હરખથી કુદયું. વળી એલીસાબેત કહ્યું કે મને ધન્ય છે કે મારા પ્રભુની મા મને મળવા આવે છે.

એલીસાબેત અને મરીયમને હજી કશી વાચતીત થઈ નથી. તે બંન્નેએ તેમને ગર્ભ રહ્યાની કશી વિગતો જણાવી નહોતી. ત્યારે એલીસાબેતે મરીયમને પ્રભુની મા કેમ અને ક્યાંથી કહી ? મરીયમ તો કુંવારી હતી. તેને ગર્ભ ક્યાંથી હોય ! તેને મા કેવી રીતે કહેવાય !

એ તો પવિત્ર આત્માનું કામ હતું. જે પવિત્ર આત્માથી મરીયમને ગર્ભ રહ્યો હતો; એ જં પવિત્ર આત્માએ એલીસાબેતને પ્રેરણા આપી અને તેના મોઢે, મરીયમને અવતરનાર ઈસુને પ્રભુ તરીકે પ્રગટ કરાવ્યો. એ તો પવિત્ર આત્માએ આપેલી ઓળખ હતી. લુક ૧:૩૯-૪૪

હવે ઈસુના જન્મ પછી શુધ્ધિકરણના ૪૦ દિવસ પુરા થયા, ત્યારે તેનાં માબાપ તેને યરૂશાલેમ મંદિરમાં, તે પ્રથમ જનિત દીકરો હોવાથી તેનું અપર્ણ કરવાને લાવ્યા.

યરૂશાલેમમાં તે વેળા સિમઓન નામનો એક પુરુષ જે બહુ ઘરડો હતો. ન્યાયી અને ધાર્મિક હતો; તેણે મંદિરમાં આવીને ઈસુને પોતાના ખોળામાં લીધો અને પ્રભુ દેવનો આભાર માનતાં તેણે કહ્યું કે, હે દેવ, મારી આંખોએ તારૂં તારણ દિઠું છે. હવે તારા દાસને શાંતિએ જવા દે.

સિમઓન કદાપી યુસુફ મરીયમને ઓળખતો પણ નહોતો. ઈસુ તો માત્ર ૪૦ દિવસનું બાળક હતું. તેમ છતાં આ બાબત જણાંવનાર પવિત્ર આત્મા હતો. લુક ૨:૨૭.

યુરૂશાલેમના મંદિરમાં આન્ના નામની પ્રબોધિકા હતી અને ત્યાં જ રહીને દેવની આરાધના કરતી હતી. તેની ઉંમર લગભગ ૧૧૦ વર્ષ જેટલી હતી. પાછલાં ૮૪ વર્ષથી તે વિધવા હતી અને મંદિરમાં જ રહેતી હતી. તેણે પણ મરીયામ અને બાળક ઈસુ પાસે આવીને દેવની સ્તુતિ કરી. તેમજ બાળક ઈસુ વિષે ધાર્મિક લોકો આગળ તેણે વાતો પ્રગટ કરી. લુક ૨:૩૬-૩૮.

પવિત્ર આત્મા એ ત્રિએક દેવમાંની એક વ્યકિત છે. તે દેવ છે. તે સઘણાંની સઘળી હકીકતો જાણે છે. આ વિગતો તે જેઓ તેનાથી એટલે

પવિત્ર આત્માથી ભરપૂર અને અભિષિક્ત હોય છે; તેમને પ્રગટ પણ કરે છે.

આમ ઈસુ ખ્રિસ્તને પ્રગટ કરનાર અને ઓળખાવનાર પવિત્ર આત્મા છે. યોહાન ૧૪:૧૬; ૧૬:૧૪; એફેસી ૧:૧૭.

બાર વર્ષની કાચી ઉંમરે ઈસુએ યરૂશાલેમના મંદિરમાં શાસ્ત્રીઓ અને પંડિતોને આધ્યાત્મિક જ્ઞાનથી આશ્ચર્યચકિત કર્યા કારણકે દેવના વચનો તેમની પાસે હતાં.

''મારા સર્વ શિક્ષકો કરતાં હું વધારે સમજું છું, કેમ કે હું તારાં સાક્ષ્યોનું ધ્યાન ધરૂં છું, વૃધ્ધોના કરતાં હું વિશેષ જાણું છું, કેમકે મેં તારા શાસનો પાળ્યાં છે.'' ગીત ૧૧૯:૯૯-૧૦૦

ઈસુ પોતે જ દેવના શબ્દ જ્ઞાન હતા. યોહાન ૧:૧-૩ આવા જ્ઞાનને કારણે તે અણીશુદ્ધ હતા. યશાયા ૫૩:૯ તેમના મુખનાં વચનો અતિ ઉત્તમ હતાં. યોહાન ૭:૪૬.

હવે આશરે ત્રીસ વર્ષની ઉંમરે ઈસુ, યોહાન બાપ્તિસ્મા કરનારની પાસે યરદન નદીના કાંઠે આવ્યા; જ્યાં યોહાન લોકોને બાપ્તિસ્મા આપતા હતા. જ્યારે યોહાને ઈસુને જોયા ત્યારે તેણે તેમની ઓળખ આપી, કે ''જુઓ, દેવનું હલવાન, કે જે જગતનું પાપ હરણ કરે છે.'' યોહાન ૧:૨૯ ઈસુ એકલો જ એક છે, જે માનવીનાં પાપ માફ કરી શકે છે. માર્ક ૨:૧૦.

વિશેષમાં જયારે યોહાને ઈસુને બાપ્તિસ્મા આપ્યું અને પાણીમાંથી બહાર આવ્યા કે તરત જ જનસમુદાયના દેખતાં આકાશ ઉઘડી ગયું; અને પવિત્ર આત્માને કબુતરની પેઠે ઉતરતો તથા ઈસુના પર આવતો દેખાયો. તે જ વખતે આકાશવાણી પણ થઈ કે ''આ મારો વ્હાલો દીકરો છે, તેના પર હું પ્રસન્ન છું.'' માત્થી ૩:૧૩-૧૭.

આકાશમાંથી દેવે પોતે ઈસુની ઓળખ આપી. અહીં ત્રિએક દેવની ઐકયતા અને પ્રતીતિ થાય છે. આકાશમાંથી દેવ બાપની વાણી, ઈસુ ખ્રિસ્ત દેવપુત્ર અને આકાશથી ઉતરતો પવિત્ર આત્મા દેવ; આ

ત્રિવેણી સંગમનું પ્રતિક ઈસુ હતા.

ઈસુ ખ્રિસ્તે પોતા માટે કેટલાંક ઉપનામોનો દાવો કર્યો છે. એ દાવા અધિકારયુક્ત હતા. કારણ કે તે પ્રમાણે જ તેમનું જીવન પણ હતું. તેમના સંપર્કમાં આવનાર જે તે વ્યક્તિ ઈસુના જીવનમાં તે પ્રકારના અનુભવ કરતી અને પોતે પણ લાભ પ્રાપ્ત કરતી. તેમના જીવનકાળ દરમ્યાન જે કોઈ સ્ત્રી કે પુરુષ, નાનાં કે મોટાં, જે કોઈ તેના સીધા કે આડકતરા સંપર્કમાં આવ્યાં છે, તેઓ સર્વના જીવનનોનું તેમણે પરિવર્તન કર્યું છે. તે પોતાની અસર ઉપજાવવામાં કદી પણ નિષ્ફળ ગયા નથી. કેમ કે તેમનું આખું જીવન જ આદર્શ અને ઉપદેશ મુજબનું હતું. માટે જ તે દાવા અને અધિકાર સહિત કહી શક્યા, કે

'જીવનની રોટલી હું છું' યોહાન ૬:૩૫.

પૃથ્વી પર વર્ષો સુધી રોટલી ખાનારાં મરણ પામ્યાં. પણ જે જીવનની રોટલી આકાશમાંથી ઉતરી છે તે હું છું; જો કોઈ એ રોટલી ખાય તો તે સદા જીવતો રહેશે. વળી જે રોટલી હું આપીશ તે મારૂં માંસ છે, તે જગતના જીવનને સારૂ હું આપીશ - યોહાન ૬:૫૧. આ હકીકત તેમણે કાપરનાહુમના સભાસ્થાનમાં જગજાહેર પ્રગટ કરી.

'જીવનનું પાણી' યોહાન ૪:૧૦. સમરૂનમાં સૈખાર ગામની ભાગોળે યાકૂબનો કૂવો હતો. ત્યાં સમરૂની સ્ત્રીને ઈસુએ આ વાત જણાવી, કે જે જીવતું પાણી હું આપીશ, તે પીનારને ફરી કદી તરસ લાગશે નહિ. વળી એ પાણી તેનામાં ઝરો બનીને અનંતજીવન સુધી ઝર્યા કરશે. યોહાન ૪:૪૪.

માટે તે પર્વના દિવસે અગણીત માનવ મેદની વચ્ચે ઘાંટો પાડીને જાહેર આમંત્રણ આપ્યું કે 'જે કોઈ તરસ્યો હોય તે મારી પાસે આવીને પીએ. જે પીશે તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે.
યોહાન ૭:૩૭-૩૮.

'જગતનું અજવાળું હું છું.' જે કોઈ મારી પાછળ આવે છે, તે

અંધારામાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે. યોહા ૮:૧૨ અજવાળામાં અંધારું રહી શકે નહિ. તેથી અંધકારનાં કામ - સંતોષ અને બીક પણ હોય જ નહિ.

'ઘેટાંનું બારણું હું છું,' હું ઉત્તમ ઘેટાંપાળક છું.' પોતાનાં ઘેટાંને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે જ તે આ જગતમાં આવ્યા. તે પોતાનાં ઘેટાંનો દોરનાર તથા ચરાવનાર અને સાચવનાર છે. તે પોતાનાં ઘેટાંના નામ જાણે છે, અને દરેકને અંગત રીતે ઓળખે છે. મુશ્કેલીમાં તે ઘેટાંને સારૂ પોતાનો જીવ પણ આપે છે. યોહાન ૧૦:૧-૧૮

હવે યરૂશાલેમમાં પ્રતિષ્ઠા પર્વ હતું; અને અસંખ્ય લોકો પર્વમાં ભેગા થયા હતા; ત્યારે લોકોએ ઈસુને જોઈને તેમને ઘેરી લીધા અને પુછવા લાગ્યા કે ક્યાં સુધી અમને સંદેહમાં રાખશે ? અમને સ્પષ્ટ ઓળખાણ આપ. ત્યારે ઈસુએ તેમને ઉત્તર આપ્યો કે મારી વાતો અને ઉપદેશ બહુ સ્પષ્ટ છે. પણ જો તમે મારી વાતો ન માનતા હો, તો મારાં કામો પર વિશ્વાસ કરો. એટલે, માંદા સાજા થાય છે; લુલાં-લગડાં ચાલે છે; આંધળાં દેખતાં થાય છે, ભૂત અને અશુધ્ધ આત્મા વળગેલાં પાછાં ડાહ્યા બને છે. મરેલાં જીવતા થાય છે; શું એ સર્વ કામો પ્રભુ ઈસુનો મહિમા ગાતા નથી ? તેની ઓળખ માટે પુરતાં નથી ?

'પુનરૂત્થાન તથા જીવન હું છું' જે મારા પર વિશ્વાસ કરે છે, તે જો કે મરી જાય તો પણ જીવતો થશે; અને જે કોઈ જીવે છે, અને મારા પર વિશ્વાસ રાખે છે, તે કદી મરશે નહિ જ. યોહાન ૧૧:૨૫-૨૬ કેટલી સ્પષ્ટ બાંહેધરી અને સીધી રીત છે !

'માર્ગ તથા સત્ય તથા જીવન હું છું' યોહાન ૧૪:૬ માનવી માત્રના જીવનનો માર્ગ અને માર્ગદર્શક, ઈસુ ખ્રિસ્ત એક જ છે. જીવનનો નિચોડ અને પરમ સત્ય તે પણ ઈસુ ખ્રિસ્ત સિવાય બીજો કોઈ નથી. એજ માનવ માત્રના જીવનનો આદર્શ, જીવનનો નમુનો, અને તેમની મારફતે જીવન પ્રાપ્ત થઈ શકે છે.

કારણ કે દેવ વિષેનું જે જ્ઞાન પ્રાપ્ત કરી શકાય, તે તેઓમાં પ્રસિધ્ધ છે. કેમકે દેવે તે તેઓને પ્રસિધ્ધ કર્યું છે. કેમ કે તેના અદ્રશ્ય ગુણો એટલે તેનુ સનાતન પરાક્રમ અને દેવત્વ, જગત ઉત્પન્ન થયું ત્યારથી સૃજેલી વસ્તુઓના નિરીક્ષણથી સ્પષ્ટ જણાય છે. તેથી કોઈ બ્હાનું કાઢી શકે તેમ નથી. રૂમી ૧:૧૯-૨૦.

કુદરત અને સૃષ્ટિ દેવને ઓળખાવી તેનાં ગુણગાન ગાય છે. આકાશો દેવનું ગૌરવ પ્રસિધ્ધ કરે છે; અને અંતરિક્ષ તેના હાથનાં કામ દર્શાવે છે. સાગર દેવની શાન બતાવે છે, પર્વત તેનું રૂપ દેખાડે છે; ફૂલોમાં તેની કૃપાની ખુશબો આવે છે.

દેવનાં, ઈસુનાં વચનો, નિયમો અને વિધીઓ, તેઓ દ્વારા પણ દેવ મોટા મનાય છે. કેમ કે તે પાળનારાઓના આત્માને તાજા કરે છે. અબુધ્ધને બુદ્ધિમાન બનાવે છે. તેના વિધીઓ હૃદયને આનંદ આપે છે. તેની આજ્ઞાઓ આંખોને પ્રકાશ આપે છે. દેવના ઠરાવો સત્ય અને ન્યાયી છે. ચોખ્ખા સોના કરતાં પણ તે વધારે પસંદ કરવા યોગ્ય છે.

માનવીનાં જીવનોમાં દેવ અને તેનાં વચનો, નવું જોમ અને પરિવર્તન લાવનારાં છે. કેમ કે હૃદયના વિચારો અને મુખના શબ્દોનું શુધ્ધિકરણ કરનાર તેઓ જ છે. ગીત. ૧૯.

ઉપરોક્ત સર્વ વિગતો પર જો મન લગાડવામાં આવે તો ઈસુ ખ્રિસ્તની બીજી કોઈ પણ ઓળખાણની શી જરૂર છે ? અથવા બીજી કોઈ બાંહેધરી અગર સાક્ષીની પણ શી જરૂર છે ?

માત્ર ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીને તેને તમારા અંગત તારનાર અને પ્રભુ તરીકે સ્વીકારો - અપનાવો; બાકી પછી તે પોતેજ તમારા જીવનમાં સિધ્ધ અને ફળીભૂત બનશે.

## ૭. ઈસુનાં સેવાકાર્યો

ઈસુના જીવન વૃતાંતનો મુખ્ય આધાર, બાઇબલમાં નવા કરારની ચાર સુર્વાતા પર રાખી શકાય. આ ચાર સુવાર્તાઓમાં પણ બે સુવાર્તિક તેમના જન્મના અમુક પ્રસંગો જણાવે છે. જ્યારે બીજા બે સુવાર્તિક માર્ક અને યોહાન ઈસુના જન્મ પ્રસંગો વિષે તદ્દન શાંત અને ચુપ છે.

જન્મ પછી બાર વર્ષની ઈસુની વયનો એક પ્રસંગ ટકેલો છે. જ્યારે બારથી ત્રીસ વર્ષ સુધી કશુંજ કહેવામાં આવ્યું નથી. આમ ઈસુની ત્રીસ વર્ષની ઉંમર સુધીની માહિતી બહુજ ઓછી લખવામાં આવી છે.

તેથી ઈસુના શિક્ષણ વિષે અને આ ગાળા દરમ્યાન તેનાં કામો વિષે; ત્યારે અને અત્યારે પણ મતભેદ અને અટકળો ચાલે છે.

કદાપી ઈસુનું શિક્ષણ બહુ ઓછું હશે એમ મનાય છે; તેમ છતાં તેમના બચપણથીજ તેમનામાં જ્ઞાનની રૂચી હતી. માટે તો, તેમના બચપણથી તે જ્ઞાનમાં, કદમાં અને દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતા ગયા.

તેમનામાં જ્ઞાન હતું એ દૈવી બક્ષીસ હતી. વિશેષમાં તેમનામાં ડહાપણ ઘણું હતું. ડહાપણ વગર દેવની અને માણસોની પ્રસન્નતામાં વધી શકાય નહિ. તેનાં વાણી વિચાર- વિવેક અને વર્તનમાં એ ડહાપણ આગળ તરતું દેખાતું હતું. તેમની નમ્રતા અને આધિનતા સૌને આકર્ષે તેવી હતી. તેમના શરીરનું કદ અને તંદુરસ્તી - શક્તિ તેમના મિતાહારી - સંયમી અને શિસ્તપાલનની પેદાશ હતી.

તેમનું શરૂઆતનું શિક્ષણ તેમને ઘરમાંથી જ મળ્યું હશે; અને ત્યારબાદ તે સમયનાં સભાસ્થાનોમાં શિક્ષણ અપાતું હતું, તે તેમણે પ્રાપ્ત કર્યું હશે.

એથી વિશેષ ઈસુમાં શ્રવણ અને ગ્રહણ શક્તિ બહુજ સતેજ હતાં. તે કુદરત પ્રેમી હતા. માટે તેમનામાં નિરીક્ષણ અને સમજ શક્તિ વિશેષ

હતાં. જેની પ્રતીતી પાછળ તેમની કારકીર્દીમાં આપેલા ઉપદેશો - દ્રષ્ટાંતો દ્વારા જણાય છે.

તેમને શાસ્ત્ર વચનો પ્રત્યે બહુ પ્રેમ હતો. શાસ્ત્રનાં મોટા ભાગનાં વચનો તેમને કઠંસ્થ હતાં. તેમના પરિક્ષણ વખતે અને ઉપદેશોમાં તે વારંવાર આ વચનો ટાંકતા હતા.

આ સર્વ ઉપરથી એ ચોકકસ ફલિત થાય છે, કે ઈસુના જ્ઞાન અને ડહાપણ વિષે બે મત હતા જ નહિ; પછી ભલે તે શાસ્ત્રી કે પંડિત કહેવાયા ન હોય, પણ તેઓ બધા તેમને ઉત્તર આપી શકતા નહોતા.

હવે તેમનાં સેવાકાર્યો તરફ વળીએ અને શીખીએ. પ્રેમ વગર સ્વાપર્ણ ન થાય. થાય તો તે નિષ્ફળ નિવડે. ૧ કરંથી ૧૩:૧ - ૩ સ્વાર્પણ વગર સેવા ન થાય. સેવા કરવા માટે પોતાની જાતને ભૂલી જવી પડે અને આધિનતા માથે ચઢાવવી પડે. વિશેષમાં સેવાની સિધ્ધી માટે સેવાનાં સાધનો - પાત્રોની શુધ્ધિ પણ હોવી આવશ્યક છે. સેવા કરવા માટે પોતાની જાતને ખર્ચી નાખવી પડે. વળી નાની કે મોટી સેવામાં સ્વાર્થની રજ સરખી આવી જતાં, સેવા પાંગળી બનીને ભાંગી પડે છે. ભસ્મીભૂત બને છે. સેવા કરનારે પોતાનું જીવન ખુલ્લું અને પારદર્શક રાખવું પડે, અને ત્યારેજ એની સેવા અન્ય જનોને માન્ય અને આવકાર્ય બને છે.

ત્રીસ વર્ષની ઉમર સુધી ઈસુને પોતાના ઘર-કુટુંબમાં રહીને પોતાના મા અને ભાઈ-બેનોની સેવા કરી. ધારવા પ્રમાણે યુસફનું મરણ તદન કાચી વયે થયું હતું. તેથી ઘરના નિભાવ અને ભાઈઓ-બેનોના ઉછેર અને પોષણની જવાબદારી તેમના શિર આવી હતી. પ્રત્યેક માટે આવી સેવા બહુ જ અગત્યની ગણાય. ઈસુનો વ્યવસાય સુથારી કામનો હતો. તેમાં તે સખત મહેનત કરતા રહ્યા.

હવે જ્યારે ભાઈઓ-બેનો ઉછરી મોટાં થતાં; તેમના પરણવા વગેરેની યોગ્ય વ્યવસ્થા અને જોગવાઈઓથી પરવારીને એક દિવસ ઈસુએ પોતાના ઘરને, મા, ભાઈઓ-બેનો, સંગા-સાથી, સુથારી કામને છેલ્લી

અને આખરી સલામ કરી લીધી. ત્રીસ વર્ષની ઉંમરે, જનસેવાનો ભેખ ધારણ કરીને તેણે યરૂશાલેમ તરફ પગલાં માંડયાં.

ચોક્સ હેતુ અને માનવજાતના કલ્યાણનો બોજ તેમના પર હતો. જે સેવા માટે તેમણે મક્કમ પગલાં માંડયાં હતાં; તે વિકટ અને કપરા માર્ગમાં તેમની આંખો સામે વધસ્થંભ અને ખીલા તરવરતા દેખાતા હતા. પણ તે અડગ રહ્યા.

બીજી તરફ ઈસુએ ઘર છોડ્યું ત્યારે મરીયમ સાવ ભાંગી પડી. તેની આંખો આગળ જન્મ પહેલાંના નવ માસ અને પછીનાં ત્રીસ વર્ષ તરવરતાં દેખાયાં અને તેનું હૃદય તરવારથી વિંધાઈ જતું દેખાયું. લુક ૨:૩૫ નાઝરેથ ગામમાં સન્નાટો ફેલાઈ ગયો. ઈસુના મિત્રો અને સબંધીઓ હેબતાઈ ગયા. પણ ઈસુનાં ડગલાં તો યરૂશાલેમ તરફ ખુબ દૃઢ અને મક્કમ રહ્યાં.

યરદન નદીના કાંઠે જ્યાં યોહાન લોકોને પસ્તાવાનું બાપ્તિસ્મા આપતો હતો; ત્યાં ઈસુ આવ્યા. તેમણે બાપ્તિસ્મા લેવાની પોતાની ઈચ્છા પ્રગટ કરી. યોહાન અચરત પામ્યો અને આનાકાની પણ કરી, કે ઈસુ જે નિષ્કલંક તેને વળી પસ્તાવા અને બાપ્તિસ્માની શી જરૂર ! પરંતુ બીજાંને ઠોકરરૂપ ન થવા એ ન્યાયીપણું પૂર્ણ કરવાની જરૂર હતી.

હવે જ્યારે યોહાને ઈસુને બાપ્તિસ્મા આપ્યું, ત્યારે તરત ઈસુના પર પવિત્ર આત્મા કબુતરની પેઠે ઉતર્યો; અને આકાશમાંથી વાણી થઈ કે આ મારો વ્હાલો દીકરો છે, હું તેના પર પ્રસન્ન છું.

માત્થી ૩:૧૩-૧૭.

ઈસુનાં સેવા કાર્યોની આ દિક્ષા અને પરવાનો હતો. તે પછી તરતજ આત્મા ઈસુને રાનમાં લઈ ગયો. ત્યાં ચાળીસ દિવસ અને રાત ઉપવાસ કર્યા. પ્રાર્થનામાં એક ચિત્તે દેવ સાથે તન્મયતા જોડી જેથી હવે પછી થનારી તેની સર્વ અગ્નિપરિક્ષાઓમાં તે અણીશુદ્ધ પાર ઉતરે.

સૌ પ્રથમ શેતાન જાતે જ ઈસુની પરીક્ષા લેવા આવ્યો પરિક્ષણો

અને પાપના ત્રણ પ્રકાર છે. તેમાં જ બધાં પાપનો અને પરિક્ષણોનો સમાવેશ થાય છે. જેમ કે,

૧. દેહભૂખ.... આ ભૂખમાં પેટની ભૂખ અને તે અંગે કરવી પડતી ભૂલો અને પાપ. જુઠ અને પ્રપંચ અને તરકીબો... વાસના ભૂખ અને તેનાં પાપ.

૨. દ્રષ્ટી દોષ..... દ્રષ્ટિ ઈચ્છા અને લાલસા, લાલચ પેદા કરે છે. પછી માણસ ગાંડુતુર બનીને તેની પ્રાપ્તિ માટે ગમે તે ન કરવાના કામો કરે છે. દ્રવ્ય લોભ, સત્તા લોભ પારકું પોતાનું કરવાની લાલસા, વ્યભિચાર અને ખૂન દોષ, અને બીજા ઘણાં પ્રકારનાં પાપનો સમાવેશ તેમાં થાય છે.

૩. દેવનું પરીક્ષણ.... ઈશ્વરના દેવત્તવની પરીક્ષા, અવિશ્વાસ તેની ચકાસણી, બેદરકારી અને નફરત, વગેરે પ્રકારનાં દેવ અને માણસ વચ્ચેનાં પાપ અને ઉલ્લંઘન, વગેરે આ પ્રકારનાં પાપ અને પરીક્ષણો છે.

ઉપરોક્ત ત્રણે પ્રકારનાં પરીક્ષણો શેતાને અજમાવી જોયા; પરંતુ ઈસુએ જરાય મચક આપી નહિ અને હેમખેમ તે પાર ઉતર્યા. શેતાનને નાસી જવું પડ્યું. આ ઈસુની લાયકાતની ઉપાધિ (Degree) અને પ્રમાણપત્ર હતું.

હવે તે પાછા નાઝરેથ આવ્યા. પોતાના ગામથી - સ્થળથી સેવા કાર્ય શરૂ થાય એ શોભતું ગણાય માટે નાઝરેથના એક સભાસ્થાનમાં જઈને વિશ્રામવારની ભજનસેવા વખતે તેમણે ઉભા થઈને શાસ્ત્રપાઠ વાંચ્યો, તે યશાયાહ પ્રબોધકના પુસ્તકનો પાઠ હતો. યશાયાહે આ પુસ્તક ઈસુના જન્મ પહેલાં આશરે સાતસો વર્ષ અગાઉ આ ઈસુ વિષે જ ભવિષ્ય કથન કરેલું તે પાઠ હતો. ઈસુનું સેવા કાર્ય અધિકારયુક્ત અને કેવા પ્રકારનું હતું તે અહીં જણાવાયું હતું. શાસ્ત્રપાઠ આ હતો...

'પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા

નાચતા-કુદતા બનાવ્યાં, ભૂત-પિશાચ વળગેલાંને શુદ્ધ કર્યાં; રક્તપીત્તીયા અને કોઢીઓને શુધ્ધ કર્યાં; મરેલાંઓને સજીવન કર્યાં;.... લગ્નમાં પાણીનો દ્રાક્ષારસ બનાવીને ઘરધણીની લાજ સાચવી લીધી; ડૂબતાંઓને બચાવવા માત્ર શબ્દથી સમુદ્રને શાંત પાડયો; ભૂખ્યાંને જમાડવા તેની પ્રાર્થનામાં એવું બળ અને પરાક્રમ હતું કે ફક્ત પાંચ રોટલી અને બે માછલીથી પાંચ હજાર પુરુષો તેમજ સ્ત્રીઓ - બાળકો તે વધારાનાં તે સર્વને તેણે પંગતે જમાડયાં.

તેમની પાસે આવનારને અને વિનંતી ગુજારનારને તેમણે કદી પણ નિરાશ કર્યાં નથી.

તેમની અંગત અને વ્યક્તિગત મુલાકાતો કદી નિષ્ફળ ગઈ નથી. જે કોઈ તેમના સંપર્કમાં આવ્યાં, સ્ત્રી કે પુરુષ, સર્વ નવું પરિવર્તન પામતું જીવન પ્રાપ્ત કરીને જ ગયાં છે.

ઈસુ એકલાને જ જગત પર પાપ માફ કરવાનો અધિકાર હતો; તે માટે તેમણે ઘણાં ભયંકર પાપીઓનાં પાપ માફ કરીને નવું જીવન અને શાંતિ પમાડી છે.

આવા મહાન આશીર્વાદરૂપ અને માનવ જાતના અજવાળારૂપ ઈસુને તેમના જમાનાના તેમના પોતાના લોકો, સંપ્રદાય અને ધર્મક્રિયામાં ચુસ્ત એવાઓએ તેમને મારી નાખવા મનસુબો કર્યો. તેમને વધસ્થંભ પર જડીને મારી નાખ્યા. એ તો એક ઈતિહાસ બન્યો. પણ એથી વિશેષ તો એ નિષ્કલંક, નિષ્કપટ અને નિરંજન ઈસુનું નિર્દોષ લોહી એ માટે વહેવડાવાયું કે જગતનાં સર્વ, પાપી જન તેમની આડમાં આવીને બચી જાય. તેમના પર અને તેમના બલિદાનના લોહીમાં વિશ્વાસ કરીને તારણ પામે. આ સુવાર્તા હતી અને છે તેમજ રહેશે. આકાશમાં કે પૃથ્વી પર માણસના તારણની બીજી કોઈ સુવાર્તા કે રીત છે જ નહિ.

ઈસુ ખ્રિસ્તનું આખું જીવન સુવાર્તા અને સેવામય હતું. કારણ કે તે સેવા કરાવવા નહિ, પણ સેવા કરવાને આવ્યા હતા. ખોવાયેલું શોધવા,

તથા તારવા સારૂ તે આ જગત પર આવ્યા હતા. જીવન મળે અને પુષ્કળ જીવન મળે માટે તે આખા જગતમાં એક જ રસ્તો, એક જ સત્ય, અને એક જ જીવન બનીને આવ્યા હતા. તેમનું આખું જીવન પ્રેરણાદાયક અને જીવનના નમુનારૂપ હતું.

બાકી જગતને ઉપદેશ આપનાર સંતો તો અનેક થઈ ગયાં. તેમના ઉપદેશો માનવીના સ્મરણપટ પરથી ભુંસાઈ ગયા. ઘણાય સંપ્રદાય અને પંથ પ્રચારકો અને સ્થાપકો ભુલાઈ ગયા.નીતિનિયમો- ક્રિયા કાંડના રસ્તા ચિંધનારા અને શિખવનારા માત્ર યાદ રહ્યા છે, બાકી તેઓ માનવ જાતને ઉપયોગી બન્યા નથી. તેઓ સર્વ માત્ર રસ્તો દેખાડીને દૂર રહેનાર હતા.

ચોર લુંટારાથી લુંટાઈ ગયેલાં વટેમાર્ગુ અને માર ખાઈને ઘાયલ થયેલાને યાજક-ધર્મગુરુ તે આવીને બાજુથી જતો રહે તેથી ઘાયલ વટેમાર્ગુને કયો અને કેટલો ફાયદો!

વળી લેવી જેણે સેવાનો ભેખ લીધો છે, તે પણ આવે અને પોતાની બીજી સેવાઓ માટે પાસેથી જ પણ ઉતાવળે ચાલ્યો જાય તેથી ઘાયલ પડેલાને શી રાહત મળે કે તેનું દુઃખ ઓછું થાય!

એ તો એક સામાન્ય સમરૂની જેના હૃદયમાં દયા અને ભલાઈ છે; તે જ માર્ગેથી જતાં પોતાના કામ અને હેતુને બીજું સ્થાન આપી પ્રથમ ઘવાએલા વટેમાર્ગુને મદદ કરવા પોતાના જનાવર પરથી નીચે ઉતરીને, પોતાનાં કપડાં ફાડી ઘાયલના ઘાને પાટા બાંધે. ઉંચકી જઈને ઉતારામાં લાવે અને ગાંઠના નાણાં ખર્ચીને તેની સારવાર કરે; તેમ જ સાજા થતાં સુધીનું ખર્ચ ભોગવે. કારણ કે લુંટાએલા પાસે નાણાં ક્યાંથી હોય ? લુંટાએલાને મન, જોઈને જતા રહેતા ધર્મગુરુ માટે માન ક્યાંથી હોય! ભેખધારી સેવકની મંદિરમાં કરેલી સેવાઓ શા કામની ? જો સાથી માનવીનો હાથ ન પકડે.

જગતનાં દેવો અને દેવીઓ તેમજ ધર્મગુરુઓ એ બહુ ઉંચા

જીવનના પાઠો શિખવ્યા અને તે પ્રમાણે વર્તવાનું કહીને દૂર રહ્યા. પણ પાપથી ઘવાઈ ગયેલી માનવજાતનો હાથ કોઈએ પકડયો નથી.

એક માત્ર ઈસુ ખ્રિસ્ત જેણે માનવ જાત પર પ્રેમ કર્યો; પાપના કારણથી પીડિત અને ઘાયલ થયેલી પ્રજાને જોઈ તેનું હૃદય રડી ઉઠયું. કેમકે માણસજાતમાં એવી કોઈ શક્તિ - હિંમત નહોતી કે તે પોતે આ શેતાનની જાળમાંથી બહાર નીકળી શકે. માનવી ઘવાઈ ગયેલું અને તે પણ એવું કે, 'આખું માંથુ રોગિષ્ટ અને આખું હૃદય નિર્ગત છે, પગના તળીયાથી તે માથા સુધીમાં કોઈ પણ ભાગ સાજો નથી. કેવળ ઘા, સોળ, તથા પાકેલા જખમ છે; તેમને દાબીને તેમાંથી પરૂ કાઢવાં આવ્યું નથી, તેના પર પાટા બાંધવામાં કે તેમને તેલથી નરમ કરવામાં આવ્યા નથી.' યશાયા ૧:૫-૬.

માનવજાતની આવી પરિસ્થિતિમાં તે કયાં કર્મ અને ક્રિયા-કાંડ, હોમ-હવન કે બલિદાન, કે નીતિ નિયમો પાળી શકે ?

જે કાંઈ કરી ન શક્યું તે ઈસુ ખ્રિસ્તે કરી બતાવ્યું. માણસ પાસે કોઈ આશા, કોઈ રસ્તો, કે ઈલાજ નહોતાં; ત્યારે માનવીની શિક્ષા પોતે ભોગવવા અને તેનાં પાપની ખંડણી ચુકવવા, જેણે પોતાના જીવનમાં કદી પાપ જોયું કે જાણ્યું નહોતું, તે માનવજાત માટે પાપરૂપ બન્યો. 'રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી' હેબ્રી. ૯:૨૨.

એ મુજબ વધસ્થંભના મરણ સુધી આધીન થઈને ઈસુએ પોતાનું રકત વહેવડાવી દીધું. તે આપણાં પાપોનું પ્રાયશ્ચિત બન્યા. આપણાં પાપોની ખંડણી તેમણે પોતાના નિર્દોષ લોહીથી ચુકવી આપી. માણસજાત માટે છુટકારો અને ઉધ્ધાર તેણે સિધ્ધ કર્યો. આ તેની અમૂલ્ય, અકથ્ય અને અકલ્પ્ય, એવી માણસજાત માટેની ઈસુ ખ્રિસ્તની સેવા હતી. તેમની અનેકવિધ સેવાઓમાં શિખરના કળશ રૂપ તેના આ સ્વાર્પણની સેવા હતી.

તેમણે માનવજાતનાં કારણથી જ મરણ વેઠયું હતું; તે તેમણે

પોતાના પુનરૂત્થાનથી સાબિત અને સ્પષ્ટ કર્યું છે. તે ઉત્થાન પામ્યા અને જીવિત બન્યા એટલા માટે કે જે કોઈ તેમના પર અને તેમના ઉદ્ધારના આ કાર્યમાં વિશ્વાસ કરે તે અનંતજીવન પામે.

વળી એવાં અનંતજીવનનાં વારસદારોને મદદરૂપ થવા તથા તેમનાં નવાં જીવનને ફળીભૂત કરવા તે હાજરાહજુર મદદગાર બની શકે.

આજે પણ પરમપરમેશ્વરના જમણા હાથે બેસીને માનવી જીવન માટે વકીલાત અને મધ્યસ્થ કરે છે.

એટલુંજ નહિ પણ તેમનામાં મેળવાએલાં અને વિશ્વાસ કરનારાંઓને લેવા ફરી તે પાછા પૃથ્વી પર આવવાના છે; જેથી તે આપણને તેમનાં સ્વર્ગીય સ્થાનોમાં અનંતકાળને માટે સંસ્થાપિત કરે.

શું આ તેમની અદભૂત સેવાઓ નથી! બીજા કોણે માણસજાતની આવી સેવાઓ કરી છે ?

'આ તેમની કૃપા તથા માણસજાતને સારૂ તેના આશ્ચર્યકારક કૃત્યો ધ્યાનમાં રાખીને માણસો પ્રભુ પરમેશ્વરની સ્તુતિ કરે તો કેવું સારૂ ?' ગીત. ૧૦૭:૮.

'હે પ્રભુ, અમને અમારા દિવસ એવી રીતે ગણવાને શીખવ; કે અમને જ્ઞાનવાળું હૃદય પ્રાપ્ત થાય.' ગીત ૯૦:૧૨

હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન; મારા ખરા અંતઃકરણ તેના પવિત્ર નામને સ્તુત્ય માન; અને તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા.' ગીત. ૧૦૩;૧-૨.

# ૮. ઈસુનું દેવત્વ

ધર્મ એટલે ફરજ ફરજ ફરજીયાત છે. ધર્મગુરુઓએ અગર ધર્મ પ્રોત્સાહકોએ જે તે ધર્મ કે ફરજોની રેખામર્યાદાઓ ઠરાવેલી છે. એ રેખા-મર્યાદાની હદમાં રહીને ફરજો બજાવવી જ પડે. ફરજો - આજ્ઞાઓની હદ વટાવો અગર ભંગ કરો; એટલે ધર્મભ્રષ્ટ થયેલાં ગણાવાય, અને તેની શિક્ષા થાય, તે ભોગવવી પડે.

આવી ફરજો-ક્રિયાકાંડ-કર્મ બજાવવાની સર્વ જવાબદારી અનુયાયીઓના માથે લાદી દેવાય છે. ધર્મગુરુઓ તો માત્ર રસ્તો ચીંધનારા છે. તેઓ કોઈ સાથે આવતા નથી.

પરિણામે એ ધર્મગુરુઓ કે ધર્મ સ્થાપકો કાળાંતરે ભુલાઈ ગયા છે, અને તેમનાં શિક્ષણોને અગ્ર અને પ્રથમ સ્થાન અપાયાં છે.

જ્યારે ખ્રિસ્તી જેને સામાન્ય રીતે ધર્મ ગણવામાં આવે છે; તે માત્ર ધર્મ કરતાં વિષેશ તો પ્રત્યક્ષ જીવન અને તેનો તાદશ અનુભવ છે. તે એકજ એક એવો પંથ છે, કે જેમાં પંથના શિક્ષણ અને નિયમો, રીત-રસમો, કરતાંય, એ શિક્ષણ આપનાર ઈસુ ખ્રિસ્તને સૌથી અગ્ર અને પ્રથમ સ્થાન અપાય છે.

ખ્રિસ્તી પંથ કે ધર્મમાંથી ખ્રિસ્ત ઈસુને પડતા કે બાકાત રખાય તો એ ધર્મની કે ખ્રિસ્તી મંડળીની હસ્તી જ ન રહે. કેમ કે ખ્રિસ્ત ઈસુ વગરનું જીવન પાંગળું અને અધુરૂ છે; બલ્કે તે ખ્રિસ્તી જીવન જ ના ગણાય.

ખ્રિસ્તી જીવન એટલે તો ખ્રિસ્ત ઈસુનાં પગલામાં આપણા પગ મુકીને ચાલવું તે. તેમની સાથે અને સાથે રહેવું અને જીવવું તે. ઈસુ ખ્રિસ્ત તેમના અનુયાયીઓને જાઓ કહીને છુટા મુકી દેતા નથી. પરંતુ તે તો પોતે રસ્તો, સત્ય તથા જીવન બનીને સાથે જ રહે છે. રાત અને દિવસ, પ્રતિપળ તમારો હાથ પકડીને ચલાવે છે. કેમ કે તેમણે વચન આપ્યું છે

કે, 'જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું'
માત્થી ૨૮:૨૦.

તે ઉત્તમ ઘેટાંપાળક છે; તે પોતાનાં ઘેટાંને જીવ સટોસટ સાચવે છે. જરૂર પડે ઘેટાંને સારૂ તે પોતાનો જીવ પણ વ્હાલો ન ગણતાં હોમી દે છે. યોહાન ૧૦:૧-૧૮ ગીત. ૨૩ વાંચો

આ છે ખ્રિસ્તી ધર્મની વિશિષ્ટતા. એટલા માટે જ બીજા સર્વ દેવો કરતાં તેને એવું શ્રેષ્ઠ નામ આપવામાં આવ્યું છે, કે તે દેવોનો પણ દેવ અને પ્રભુઓનો પણ પ્રભુ ગણાય. પ્રકટી ૧૯:૧૬. વળી આકાશમાંનાં, ભૂમિ પરનાં,તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે; અને દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબુલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે. ફિલીપ ૨:૯-૧૧

તેમ છતાં પુરાતનકાળથી ઘણા ધર્મો અને મતમતાંતરો ચાલતા જ આવ્યા છે. કેટલાંક જ્ઞાની માણસો તો એટલુંજ માને છે કે સારૂ ગણાય તેવું જીવન જીવવું એટલું જ બસ છે; ધર્મો અને દેવોની ભાંજગડમાં પડવાની કશી જરૂર નથી.

પરંતુ માણસ માત્રના આ પાર્થિવ જીવન પછી જે અનંતકાળનું જીવન પ્રાપ્ત થનાર છે, તેના તારણ અન મોક્ષનો સવાલ આવે છે; ત્યારે ખુબ સાવચેત પણે વિચારવાની જરૂર છે. ત્યારે જ ખ્રિસ્ત ઈસુ તરફથી જે ચોક્કસ અને આધારભૂત ખાત્રી પ્રાપ્ત થાય છે; તેવી બીજે ક્યાંય મળે તેમ નથી જ. કારણકે, ઈસુ ખ્રિસ્ત એકજ એવા પ્રભુ છે, કે જે માણસનાં પાપ પોતાના માથે લે છે, અને માણસને તેની સજામાંથી મુક્ત કરે છે. તેમને કોટી કોટી ધન્યવાદ હોજો.

હવે આવા ઈસુ ખ્રિસ્તના માનવ જીવનમાં દેવત્વના કયા અને કેવા ગુણો હતા તે વિચારીએ...

- સૌ પ્રથમ તો ઈસુના જન્મ અને જીવની વિગતો વિષે અગાઉથી સેંકડો વર્ષ પહેલાં ભવિષ્ય કથનો કહેવામાં આવ્યાં હતાં. વળી

એકાદ બે નહિ પણ સેંકડોની સંખ્યામાં દેવના પવિત્ર પ્રબોધકો મારફતે કહેવામાં અને લખવામાં આવ્યાં હતાં. સમયની સંપૂર્ણતા પ્રમાણે એ ભવિષ્ય કથનો પ્રમાણે જ ઈસુનો જન્મ થયો હતો; એ દૈવી ઠરાવ અને યોજના હતાં.

- ઈસુના જન્મ માટે જે કૂખ પસંદ કરાઈ હતી; તે કુંવારી અને પવિત્ર હતી. વળી તેને જે ગર્ભ રહ્યો તે દેવના પવિત્ર આત્માથી રહ્યો. પવિત્ર આત્મા એ ત્રિએક દેવમાંનુ એક વ્યક્તિત્વ છે. સર્વ શક્યો તેના હાથમાં છે. વિશેષમાં મરીયમે, ઈસુનો જન્મ થતાં સુધી પુરુષ સમાગમ જાણ્યો નહિ. માત્થી ૧:૧૮-૨૫ આ સર્વ વિગતો ઈસુ ખ્રિસ્તના માનવજીવનમાં તેના દેવત્વની સાક્ષી પૂરે છે.
- તેમના જન્મની વધામણી પૃથ્વીનાં માણસોએ તો ત્યારે જાણી કે જ્યારે એ વધામણીના સંદેશા આકાશમાંથી પ્રગટ થયા. તે જ રાત્રે આકાશના દૂતો એ આનંદની સુવાર્તા બેથલેહેમની સીમમાં ઘેટાં સાચવતા ભરવાડોને જણાવી. વળી આકાશમાં દૂતોએ આ વધામણીનાં આનંદ ગીતો ગાયાં.

બીજી પરોઢીએ ઘેટાંપાળકોએ બેથલેહેમની ધર્મશાળાની ગભાણમાં આવીને બાળક ઈસુનું ભજન કર્યું અને હરખાયા.

પૂર્વ દેશના ખગોળશાસ્ત્રીઓ - માગીઓએ આકાશમાં એક અદ્દભૂત તારો ચમકતો જોયો. વિના વિલંબે એ તારાના સંકેત દોરવણી પ્રમાણે તેઓ યરૂશાલેમ આવ્યા. ત્યાંથી બેથલેહેમમાં જે ઘરમાં બાળ ઈસુ હતા ત્યાં આવીને તારો થંભી ગયો; મહાજ્ઞાનીઓએ બાળ ઈસુનાં દર્શન કરીને તેની આરાધના કરી; તેને સોના - બોળ અને લોબાનનું નજરાણું ધર્યું.

નજરાણું એ તો અર્પનારની આધિનતા અને જેને તે અપાય છે તેની સર્વોપરિતા દર્શાવે છે.

સોનાનું નજરાણું એટલા માટે હતું કે તેઓએ ઈસુને

પોતાના રાજા તરીકે સ્વીકાર્યા; અને બોળ-લોબાન તે પ્રભુ દેવને સુગંધની પ્રાર્થના હતી. 'સંતોની પ્રાર્થના ધૂપ સમાન છે. ગીત ૧૪૧:૨

વળી તે વેળાએ માગીઓને દર્શનમાં આકાશી સંકેત અને ચેતવણી મળી કે તેઓ ફરી હેરોદને મળવા ન જાય. એ મુજબ તેઓ પોતાના દેશ ચાલ્યા ગયા.

બીજી તરફ યુસફને પણ બાળ ઈસુને લઈને ત્યાંથી નાસી જવાની ચેતવણી દૈવી દર્શનથી મળી. કપટી અને ક્રૂર હેરોદના હાથમાંથી બાળ ઈસુને બચાવવા એ દૈવી ગોઠવણ હતી.

- હજી ઈસુ ચાળીસ દિવસના હતા, ત્યારે તેમને પ્રથમ જનિન તરીકે અપર્ણ કરવાને મંદિરમાં લાવ્યા ત્યારે સિમોન નામના એક ઘણા વૃધ્ધ પુરુષે પવિત્ર આત્માના ભરપૂરીપણાથી આનંદ સહિત જણાવ્યું કે 'મેં મારી આંખોએ દેવનું તારણ એટલે કે લોકોનાં પાપ માફ કરનાર તારનારને જોયો છે. લુક ૨:૨૨-૩૦

આન્ના નામે એક પ્રબોધિકા પણ ત્યાં આવી અને તેણે પણ ઈસુ વિષે સાક્ષી આપી કે તે યરૂશાલેમનો ઉધ્ધારક છે. લુક ૨:૩૬-૩૯

- ઈસુ ખ્રિસ્તના પૃથ્વી પરના માનવ જીવનમાં દેવના ગુણ અને દેવત્વ હતાં તે બહુ સ્પષ્ટ તરી આવે છે.

બચપણથીજ તેમનું જીવન પાપરહિત હતું. તે જ્ઞાનમાં એટલે કે ઉપરના જ્ઞાનમાં જે નિર્મળ, સલાહ કરાવનારૂં, નમ્ર, સહેજે સમજે તેવું, દયાથી તથા સારાં ફળોથી ભરપુર, નિષ્પક્ષપાત તથા દંભ રહિત. યાકુબ ૩:૧૭ એવા જ્ઞાનમાં તથા કદમાં, કોઈપણ પ્રકારની માંદગી કે રોગ, ખોડ-ખાંપણ વગરનો સપ્રમાણ શારીરિક વિકાસમાં, તેમજ દેવની અને માણસોની પ્રસન્નતામાં સર્વાંગી વિકાસ કરતાં મોટો થયો. લુક ૨:૫૨ વળી બાર વર્ષની રમતીયાળ ઉમરે તો તેમણે મંદિરના ધર્મશાસ્ત્રીઓ

તથા પંડિતોને તેમના ધર્મજ્ઞાનથી દંગ કરી નાખ્યા. લુક ૨:૪૭.

- તેમના બાપ્તિસ્માનો પ્રસંગ પણ અજાયબ અને અનોખો હતો. ત્રિએક દેવની પ્રતીતી અહીં કરાવાઈ હતી. બાપ્તિસ્મા થયા પછી તરત આકાશમાંથી પવિત્ર આત્મા દેવ કબુતરની પેઠે નીચે ઉતરતો આવીને ઈસુ પર બેઠો. તે જ વેળાએ આકાશમાંથી ખુબ સ્પષ્ટ વાણી સંભળાઈ કે આ મારો વ્હાલો દીકરો છે; હું તેના પર પ્રસન્ન છું.

દેવ બાપ, દેવપુત્ર અને દેવ પવિત્ર આત્મા, ત્રણેનો અહીં ત્રિવેણી સંગમ થયો. ઈસુ પોતે દેવ છે તેની આ અલૌકિક સાક્ષી છે.

- તેનાં સેવા કાર્યો પણ તેના દેવત્વની સાક્ષી પુરે છે. પ્રથમ તો તે પાપરહિત, નિષ્કલંક, નિરંજન, નિર્દોષ હતો. તેના મુખમાં કયારેય કપટ નહોતું. યશા. ૫૩:૯, યોહાન ૭:૪૬

તેનો અદ્વિતીય પડકાર હતો કે કોણ તેના પર પાપ સાબીત કરી શકે તેમ છે ? યોહાન ૮:૪૬ અને કોઈની હિંમત નહોતી.

ન્યાય અદાલતમાં લોકોના અતિ ઉગ્ર વિરોધ અને ઉશ્કેરાટ હોવા છતાં પણ, પીલાત હાકેમ કે હેરોદ રાજા ઈસુને દોષિત ઠરાવી શકયા નહિ. માત્થી ૨૭:૨૪; લુક ૨૩:૧૪

તેમણે તો ઘણાંઓનાં પાપ માથે લીધાં; અને અપરાધીઓને સારૂ મધ્યસ્થી કરી. યશા. ૫૩:૧૨.

- તેને પાપ માફ કરવાનો અધિકાર હતો. માર્ક ૨:૧૦ દેવ વગર બીજું કોઈ પાપ માફ કરી શકતું જ નથી. માર્ક ૨:૭
- તેની સત્તા અને આણ કુદરત પર પ્રવર્તતી હતી. હિલોળે ચઢેલાં સાગરનાં પાણી અને પવનનાં ફુંકાતા તોફાનને તેણે ધમકાવ્યાં, હુકમ કર્યો એટલે પવન ફુંકાતો બંધ અને ઉછળતાં પાણી શાંત થયાં. માર્ક ૪:૩૯.

ગાલીલના કાના ગામમાં લગ્ન પ્રસંગે મહેમાનોને પીરસવાનો દ્રાક્ષરસ ખૂટી ગયો. ત્યારે ઈસુએ કૂંડામાં ચોખ્ખું

પાણી ભરાવ્યું એ ચાકરોને તે પીરસવા જણાવ્યું. પ્રથમના કરતાં આ દ્રાક્ષરસ વધારે સારો હતો; એમ પીનારાઓએ જણાવ્યું. એમ ઈસુએ પાણીનો દ્રાક્ષારસ બનાવીને ઘરધણીની આબરૂ સાચવી લીધી. યોહાન ૨:૧-૧૦

- ભૂત પિશાચ જેવી આસુરી શક્તિ પણ ઈસુની આણ સ્વીકારે છે. અશુદ્ધ આત્મા વળગેલાને ધમકાવીને ઈસુએ તેને શુધ્ધ કર્યો. લુક ૪:૩૫; માર્ક ૩:૧૧

ગેરાસીનીઓના ગામમાં ભૂતાવળ વળગેલા માણસને ઈસુએ સ્વસ્થ અને શુધ્ધ કર્યો. તેનામાં ભૂતોની સેના - લગભગ બે હજાર ભૂત હતાં. ઈસુનો હુકમ માત્ર તેમને નસાડી મુકવા પુરતો સમર્થ અને પરાક્રમી હતો. માર્ક ૫:૧-૧૩.

- સર્વ પ્રકારની માંદગી અને રોગ પર તેની હકુમત હતી. તે માત્ર સ્પર્શથી અથવા હુકમથી દરેક પ્રકારના મંદવાડ અને રોગ મટાડતા હતો. લોકો તેના તરફ ધાઈને આવતા હતા. માર્ક ૩:૧૦ લુલાં-લગડાં, બહેરાં-મુગાં, આધળાં, રોગી - કોઢી રક્તપિત્તી - રક્ત સ્રાવ, તાવ-વા, પક્ષધાતી એમ દરેક તરેહના રોગ મટાડતા ગામે ગામ તે ફરતા.

- મરણ પણ ઈસુના હુકમને માન આપીને મુએલાંને પાછા સોંપી દેતું. મરણની સત્તા તેમની આગળ નિરર્થક હતી.

યાઐરસની દીકરી તાજેતરની મરેલી હજી તો ઘરમાં જ હતી; ત્યારે ઈસુએ તેનો હાથ પકડીને ઉઠાડી-જીવતી કરી. માર્ક ૫:૪૧-૪૩

નાઈન નગરની ભાગળે સ્મશાન પાસે આવેલા ડાઘુઓને ઉભા રાખી, વિધવાના એકના એક જુવાન દીકરાને જીવતો કર્યો. તેની માને સોંપ્યો. લુક ૭:૧૧-૧૫

ત્રણ દિવસ પહેલા મરણ પામેલા લાઝરસને જે હવે સડીને ગંધાવા. જેવો હતો, તેને ઈસુએ માત્ર હુકમ કરીને જીવતો કર્યો. યોહાન ૧૧:૪૩

જે પોતે દેવ ના હોય અથવા જેનામાં દેવત્વ ન હોય તે શું આવા ચમત્કારો કરી શકે ? કદી નહિ.

- તે સર્વશક્તિમાન હતો. આ શક્તિ અને અધિકાર તેને આકાશ તથા પૃથ્વી માટે અપાયાં હતાં. માત્થી ૨૮:૧૮
.સઘળાં શક્યો માત્ર દેવ એકલાજને જ છે. માત્થી ૧૯:૨૬

ખ્રિસ્ત ઈસુ એકલાનેજ મુએલાંમાંથી જીવતો ઉઠાડીને સર્વ રાજ્ય સત્તા, અધિકાર, પરાક્રમ, ધણીપણું અને કેવળ આ કાળનુંજ નહિ, પણ ભવિષ્ય કાળનું, દરેકના કરતાં તેને ઉંચો કરવામાં આવ્યો છે. એફેસી ૧:૨૦-૨૨.

- ઈસુ ખ્રિસ્ત સર્વજ્ઞાની છે. તે માણસ માત્રના, તેના ભીતરના વિચારોને પણ જાણે છે. માર્ક ૨:૮ યોહાન ૨:૨૪-૨૫ જગત પર શું શું બનવાનું છે, તે ભવિષ્યકાળનું જ્ઞાન ધરાવતા હતા. વાંચો માત્થી ૨૪મો અધ્યાય.
તે ભૂતકાળ અને વર્તમાનકાળ પણ જાણે છે. યોહાન ૪:૩૯.
- તે સર્વવ્યાપક છે. તે ગમે ત્યારે અને ગમે ત્યાં હાજર અને વ્યાપક રહે છે. માત્થી ૨૮:૨૦.
- ઈસુ ખ્રિસ્ત સૃષ્ટિના સર્જનહાર છે. 'આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંધાતે હતો: અને શબ્દ દેવ હતો. તે જ આદિએ દેવની સંધાતે હતો. તેનાથી સઘળું ઉત્પન્ન થયુ; એટલે જે કંઈ થયું છે, તે તેના વિના ઉત્પન્ન થયું નહિ.... શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો, અને બાપના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો. તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો. યોહાન ૧.૪ ૧:૧-૩,
- તે સૃષ્ટિના પાલનહાર છે. જગત આખાનું અને સર્વસૃષ્ટ વાનાનું પાલન - પોષણ કરનાર અને નિભાવી ટકાવી રાખનાર છે. 'તે તેના ગૌરવનું તેજ તથા તેના સત્વની આબેહુબ પ્રતિમા છે; અને પોતાના પરાક્રમના શબ્દથી સઘળાંને નિભાવી રાખે છે.' હેબ્રી ૧:૩

- તેનામાં સર્વ પરિપૂર્ણતા છે. 'કેમ કે ખ્રિસ્ત ઈસુમાં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાંન છે.' કલોસી ૨:૯
- તે સર્વનો ન્યાયાધીશ છે. એકલા દેવ વગર બીજો કોંણ કોઈનો ન્યાય કરી શકે ? 'કેમકે બાપ કોઈનો ન્યાય ચુકવતો નથી, પણ ન્યાય ચુકવવાનું સઘળું કામ તેણે દીકરાને સોપ્યું છે. કે જેમ બધા બાપને માન આપે છે, તેમ દીકરાને પણ માન આપે.' યોહાન ૫:૨૨-૨૩.
- ઈસુ ખ્રિસ્ત એકલાજ તારણહાર છે. તે એકલા માત્ર રસ્તો - સત્ય અને જીવન છે. યોહાન ૧૪:૬.

'બીજા કોઈથી તારણ નથી; કેમકે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપવામાં આવ્યું નથી.' પ્રેરિ. ૪:૧૨.

ઉપરોક્ત સર્વ વિગતો અને હકીકતો બહુ સ્પષ્ટ પુરવાર કરે છે, કે ઈસુ ખ્રિસ્ત માનવી રૂપમાં પોતે સંપૂર્ણ દેવ પણ હતા. ''વળી આપણે જાણીએ છીએ કે દેવના પુત્ર આવ્યા છે, એ જે સાચા છે તેને ઓળખવા સારૂ તેણે આપણને સમજણ આપી છે; અને જે સાચા છે, એટલે તેમના પુત્ર ઈસુ ખ્રિસ્ત એનામાં આપણે છીએ. એ જ ખરો દેવ છે, તથા અનંતજીવન છે.'' ૧ યોહાન ૫:૨૦.

માટે તે એકલા જ સ્તુત્યમાન દેવ છે. તે એકલા જ આપણી આરાધનાના યોગ્ય પ્રભુ છે. અવિશ્વાસી થોમા ખાત્રી કર્યા પછી વિશ્વાસી બન્યો; ત્યારે પોકારી ઉઠયો કે 'મારા પ્રભુ અને મારા દેવ' અને ઈસુ ખ્રિસ્તની સ્તુતિ કરી. યોહાન ૨૦:૨૮.

પરંતુ જેઓ થોમા જેવી ખાત્રી વગર પ્રભુ ઈસુ પર ઉપરોક્ત બાબતો વિષે વિશ્વાસ કરે છે, તેઓને ધન્યવાદ ઘટે છે. તેઓ જીવન અને પુષ્કળ જીવન પામે છે.

માટે મનુષ્ય જીવનમાં સૌથી અગત્યની પ્રાપ્તિ અને બીજી જગતની સર્વ પ્રાપ્તિ કરવા કરતાં સર્વ શ્રેષ્ઠ પ્રાપ્તિ તે ઈસુ ખ્રિસ્ત પ્રભુને

ઓળખવા અને પોતાના અંગત તારનાર તરીકે તેમને અપનાવવા એ છે. કારણ કે ઈસુ ખ્રિસ્ત એ જ એકલા અને માત્ર પ્રભુ છે. એજ એકલા તારનાર અને પાપની માફી આપનાર દેવ છે. બીજા કોઈથી માનવી જીવનનું તારણ નથીજ. એટલા માટે બીજી કોઈપણ પ્રાપ્તિ ગૌણ ગણાશે. 'કેમકે જો કોઈ માણસ આખું જગત મેળવે, પણ પોતાનો આત્મા ખોએ, અથવા તેની હાનિ પામે, તો તેને શો લાભ ?''
લુક ૯:૨૫

પ્રભુ ઈસુ ખ્રિસ્તને વધારે ઓળખવા અને નિકટના સબંધમાં આવવા, તેના નામો અને ઉપનામો જાણવાં લાભદાયક થશે. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ઈસુ ખ્રિસ્તને આવાં પૂરાં એક સો નામ આપવામાં આવ્યાં છે. તમે જાણો છો ? જુઓ, હું બતાવું છું, તે શીખો, અભ્યાસ કરો અને વધારે જાણો તથા સમજો. કારણ તે તમારા મિત્ર છે. તે તમારા પર બહુ પ્રેમ કરે છે. તે તમારા તારનાર અને પ્રભુ છે. તમારા મિત્ર અને પ્રેમી વિષે તમે અજાણ્યાં કેમ રહી શકો !

૧. ઈસુ....માત્થી ૧:૨૧ આકાશથી અપાએલું નામ
૨. ઈમાનુએલ... માત્થી ૧:૨૩; યશા ૭:૧૪
૩. દેવનો ખ્રિસ્ત.....લુક ૯:૨૦
૪. શબ્દ..... યોહાન ૧:૧,૧૪
૫. નાઝરેથનો ઈસુ....માત્થી ૩:૧૭
૬. દેવનો વ્હાલો દીકરો .... માત્થી ૨૧:૧૧
૭. દેવનો એકાકીજનિત દીકરો.... યોહાન ૩:૧૬
૮. જીવનની રોટલી.... યોહાન ૬:૩૨
૯. સર્વનો ઉત્પન્ન કર્તા.... યોહાન ૧:૩
૧૦. પરાત્પરનો પ્રબોધક .... લુક ૧:૭૬
૧૧. તારણનું શિંગ .... લુક ૧:૭૦
૧૨. ઘેટાંનું બારણું .... યોહાન ૧૦:૭
૧૩. ઉત્તમ ઘેટાંપાળક ..... યોહાન ૧૦:૧૧
૧૪. ખરૂ અજવાળું ...... યોહાન ૧:૯

૧૫. રસ્તો.... યોહાન ૧૪:૬
૧૬. સત્ય ..... યોહાન ૧૪:૬
૧૭. જીવન ..... યોહાન ૧૪:૬
૧૮. પુનરૂત્થાન ...... યોહાન ૧૧:૨૫
૧૯. જગતનું અજવાળું ...... યોહાન ૮:૧૨
૨૦. દેવનું હલવાન.... યોહાન ૧:૨૯
૨૧. મસીહ ..... યોહાન ૧:૪૧
૨૨. નાઝારી ..... માત્થી ૨:૨૩
૨૩. તારનાર .... લુક ૨:૧૧
૨૪. પરાક્રમી પ્રબોધક .... લુક ૨૪:૧૯; પ્રેરિ. ૩:૨૨
૨૫. સ્તુતિમાનનો દીકરો .... માર્ક ૧૪:૬૧
૨૬. દાઉદનો દીકરો .... માત્થી ૧:૧
૨૭. પરાત્પરનો દીકરો ....લક ૧:૩૨
૨૮. માણસનો દીકરો ... માત્થી ૮:૨૦
૨૯. ઈસ્રાએલનો દિલાસો.... લુક ૨:૨૫
૩૦. ખરો દ્રાક્ષવેલો .... યોહાન ૧૫:૧
૩૧. પ્રભુ અને દેવ ..... યોહાન ૨૦:૨૮
૩૨. અધિપતિ .... માત્થી ૨:૬
૩૩. યહુદીઓનો રાજા ... માત્થી ૨:૨; ૨૭:૩૭
૩૪. દેવનો પવિત્ર ... માર્ક ૧:૨૪
૩૫. પવિત્ર સેવક .... પ્રેરિ. ૪:૨૭
૩૬. પવિત્ર તથા ન્યાયી .... પ્રેરિ ૩:૧૪, ૭:૫૩
૩૭. સર્વનો પ્રભુ .... પ્રેરિ. ૧૦:૩૬
૩૮. જીવનનો અધિકારી .... પ્રેરિ. ૩:૧૫
૩૯. ઉધ્ધાર કરનાર ..... રૂમી. ૧૧:૨૬; અયુબ ૧૯:૨૫
૪૦. સ્તુત્ય દેવ .... રૂમી. ૯:૫
૪૧. છેલ્લો આદમ .... ૧ કરંથી ૧૫:૪૫
૪૨. આપણું પાસ્ખાયજ્ઞ ... ૧ કરંથી ૫:૭
૪૩. મંડળીનું શિર .... એફેસી ૧:૨૨

૪૪. ધન્ય તથા એકલો સ્વામી .... ૧ તીમોથી ૬:૧૫
૪૫. રાજાઓનો રાજા .... ૧ તીમોથી ૬:૧૫
૪૬. પ્રભુઓનો પ્રભુ .... ૧તીમો ૬:૧૫
૪૭. સનાતન યુગોનો રાજા ..... ૧તીમોથી ૧:૧૭
૪૮. મહિમાવાન પ્રભુ .... ૧ કરંથી ૨:૮
૪૯. ખડક .... ૧ કરંથી ૧૦:૪
૫૦. આપણો પ્રેરિત તથા પ્રમુખયાજક....હેબ્રી. ૩:૧
૫૧. અનંત તારણનું કારણ ... હેબ્રી. ૫:૯
૫૨. વિશ્વાસનો અગ્રેસર અને સંપૂર્ણ કરનાર ... હેબ્રી. ૧૨:૨
૫૩. તારણનો અધિકારી ... હેબ્રી. ૨:૧૦
૫૪. મોટો પ્રમુખયાજક ... હેબ્રી. ૪:૧૪
૫૫. સઘળાંનો વારસ .... હેબ્રી. ૧:૨
૫૬. દેવની પ્રતિમા .... ૨ કરંથી ૪:૪
૫૭. મધ્યસ્થ ... ૧યોહાન ૨:૧
૫૮. સર્વશકિતમાન ... પ્રકટી. ૧:૮ .
૫૯. જે છે, જે હતો, જે આવનાર છે... પ્રકટી. ૧:૮
૬૦. આમેન .... પ્રકટી. ૩:૧૪
૬૨. દેવની સૃષ્ટિનું આદિકરણ .... પ્રકટી. ૩:૧૪
૬૩. વિશ્વાસુ શાહેદ ... પ્રકટી. ૧:૪
૬૪. પ્રથમ તથા છેલ્લો ... પ્રકટી. ૧:૧૬
૬૫. પ્રથમ જનિત ... પ્રકટી. ૧:૫
૬૬. હલવાન ... પ્રકટી. ૧૩:૮
૬૭. યહુદાહના કૂળનો સિંહ .... પ્રકટી. ૫:૫
૬૮. પ્રભાતનો પ્રકાશિત તારો .... પ્રકટી. ૨૨:૧૬
૬૯. પૃથ્વીના રાજાઓનો અધિપતિ.... પ્રકટી ૧:૫
૭૦. દેવનો શબ્દ.... પ્રકટી. ૧૯:૧૩
૭૧. સ્ત્રીનું સંતાન.... ઉત્પત્તિ ૩:૧૫
૭૨. શીલોહ .... (શાંતિ કરાવનાર) ઉત્પત્તિ ૪૯:૧૦
૭૩. યહોવાહે ઉગાડેલો અંકૂર... યશાયા ૪:૨

૭૪. અદ્દભૂત મંત્રી... યશાયા ૯:૬
૭૫. પરાક્રમી દેવ ..... યશાયા ૯:૬
૭૬. સનાતન પિતા .... યશાયા ૯:૬
૭૭. શાંતિનો સરદાર .... યશાયા ૯:૬
૭૮. પસંદ કરેલો સેવક ... યશાયા ૪૨:૧
૭૯. યહોવાહનું ગૌરવ ... યશાયા ૪૦:૫
૮૦. યહોવાહ .... યશાયા ૨૬:૪
૮૧. સનાતન ખડક ... યશાયા ૨૬:૪
૮૨. ઈસ્રાએલનો પવિત્ર દેવ .... યશાયા ૪૧:૧૪
૮૩. સરદાર તથા અધિકારી ..... યશાયા ૫૫:૪
૮૪. દુઃખી પુરુષ અને દરદનો અનુભવી .... યશાયા ૫૩:૩
૮૫. સમર્થ દેવ ... યશાયા ૬૦:૧૬
૮૬. આપણો સાક્ષી .... યશાયા ૬૦:૧૬
૮૭. યહોવાહ અમારૂં ન્યાયીપણું ... યિર્મેયા ૨૩:૬
૮૮. અભિષિક્ત સરદાર .... દાનિએલ ૯:૨૫
૮૯. યહોવાહનો ભુજ .... યશાયા ૫૧:૯; ૫૩:૧
૯૦. મુખ્ય ઘેટાં પાળક .... ૧ પીતર ૫:૪
૯૧. ખૂણાનો મુખ્ય પત્થર ..... ગીત. ૧૧૮:૨૨
૯૨. ઈસ્રાએલનો ન્યાયાધીશ ... મીખાહ ૫:૧
૯૩. રાજા ..... ઝખા. ૯:૯
૯૪. તારણ સાધનાર ..... ઝખા. ૯:૯
૯૫. કરારનો દૂત .... માલાખી ૩:૧
૯૬. પાળક તથા અધ્યક્ષ ..... ૧ પીત. ૨:૨૫
૯૭. ન્યાયીપણાનો સૂર્ય .... માલાખી ૪:૨
૯૮. સુથાર .... માર્ક ૬:૩
૯૯. મરિયમનો દીકરો ... માર્ક ૬:૩
૧૦૦. શારોનનું ગુલાબ .... ગી.ગી ૨:૧

કેવાં હુલામણાં અને અર્થગર્ભિત નામો છે! દરેક નામ નવી પ્રેરણા જગાડનાર અને પ્રેમીના પ્રેમમાં જકડી રાખનાર છે. એવા અદ્દ્ભૂત પ્રભુને મારાં કોટી લાખ લાખ વંદન.... આમેન.

# NAZRETHNA ISHU

by Pratap J. Contracter



રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)

1852 2002

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાર્ધ શતાબ્દી

2BGN2

*Published & Distributed by :*

**GUJARAT TRACT AND BOOK SOCIETY**

**Sahitya Seva Sadan, Near Gujarat College,**

**Ellisbridge, Ahmedabad-380 006. INDIA.**